તરબીયતે દુઆ.

માનવંતા બોધ ગુરુ પીર સદરદીને
શીયા ઈમામી ઈસમાઈલી ખોજા-
ઓ માટે ખાસ રચેલી રોજીં-
દા બંદગી "દુઆ" અને
તેની પુરતી સમજણ
સાથે.

છપાવી પ્રગટ કરનાર,

મુખી લાલજીભાઈ દેવરાજ.

ધી ખોજા સિંધી પ્રીન્ટીંગ પ્રેસ.
૧૧૩ પાલખી મહોલા મુંબઈ નં૦ ૯.

આ બુક મેનેજર વલીભાઈ નાનજીએ ધી ખોજા
સીંધી પ્રીન્ટીંગ પ્રેસ ૧૧૩ પાલખી મહોલા
મુંબઇ નં૦ ૯ માં છાપી.

સન ૧૯૧૫.

કિમત રૂ૦ ૦|

તરબીયતે દુઆ.

માનવંતા બોધ ગુરુ પીર સદરદીને
શીયા ઈમામી ઇસમાઇલી ખોજા-
ઓ માટે ખાસ રચેલી રોજી-
દા બંદગી "દુઆ" અને
તેની પુરતી સમજણ
સાથે.

છપાવી પ્રગટ કરનાર,

મુખી લાલજીભાઇ દેવરાજ.

ધી ખોજા સિંધી પ્રીન્ટીંગ પ્રેસ.
૧૧૩ પાલખી મહોલા મુંબઇ નં૦ ૯.

આ બુક મેનેજર વલીભાઈ નાનજીએ ધી ખોજા
સીંધી પ્રીન્ટીંગ પ્રેસ ૧૧૩ પાલખી મહોલા
મુંબઇ નં૦ ૯ માં છાપી.

સન ૧૯૧૫.

કિંમત રૂ૦ ૦/

આ પુસ્તક ઇ. સ. ૧૮૬૭ મા એકટ
પ્રમાણે સરકારમાં રજીસ્ટર કરાવેલ છે.

"અર્પણ પત્રિકા."

જાહેરમાં કોમને સત્ય પંથ પર દોરવનાર, અને સત્ય પંથના દુશ્મનોની દુષ્ટ વાંચ્છનાઓને તોડી પાડનાર, કોમના ખરા ખૈર ખ્વાહ,

મરહુમ હાસમભાઈ બોઘા માસ્તર.

આપણા શિરતાજ હાજર ઈમામના શ્રી મુખ મુબારકમાંથી, તારા પાછળ, તારા માટે હું નીચલા શબ્દો સાંભળું છુ,

"તે ઘણોજ સારો માણસ હતો; તેણે ધારમિક સાહસ માટે ખરેખરી લાગણીથી કોશેશ કરી છે."

કારણ કે, તેં તારી દુનીયાની જીંદગી દરમ્યાન; લક્ષ્મિ આદી માયાને પ્રાપ્ત કરવાની ઇચ્છાઓનો ત્યાગ કરી, મહાભારત મહેનત લઇ, કોમને ઈલ્મનો અપૂર્વ લાભ આપી

એટલી બધી ઉપકારી કરી છે કે, જેના બદલામાં કોમે તારી પાછળ શું કરવું તે તેને આગળ સુઝશે.

ખરેખર ! વ્હાલા મિત્ર !! કોમને કેવી હાજતની જરૂર છે તે માત્ર તુંજ સમજ્યો હતો; અને તે કરવા માટે તારી ધન્યવાદ ભરેલી કોશેશને યાદ કરી, મારૂં અંતઃકરણ તારી પાછળ દ્રવે છે, અને આપણા બોધ ગુરૂ પીર શ્રી સદ્દરદીન સાહેબનો અધમ-ની ઊનંતી કરવાનો હેતુ, તેં ખરી રીતે ગ્રહ-ણ કરી, કોમની ધાર્મિક ઉનતી કરવા માટે તે સર્વ પ્રયાસો અસાધારણ રીતે કરેલા છે.

આવાં આવાં તારાં અનેક ઝળકતાં કાર્યો-ની યાદમાં, આ "તરબીઅતે દુઆ" નામનું લઘુ પુસ્તક તારા શાંતી પામેલા " રૂહ "ને માન સહિત અર્પણ કરૂં છું.

લી૰

મુખી લાલજીભાઈ દેવરાજ.

પ્રસ્તાવના.

જેમ જેમ જમાનો જતો જાય છે, તેમ તેમ ફેરફારો થયા કરે છે. આવા ફેરફારો ન થાય નો સુધારો થઈ શકતો નથી.

અમારા પ્રિય મિત્ર હાસમભાઈ બોઘા-એ અત્યંત ઝહેમતથી " તફસીરે દુઆ " અને "તઅલીમે દુઆ" એ બે અત્યંત ઊપયોગી પૂસ્તકો બહાર પાડયાં છે અને જેનો બહોળો ફેલાવો થએલ છે પણ આ બંને પૂસ્તકોનો હેતુ આપણી રોજીંદા બંદગી "દુઆં"ની પુરતી સમજણ આપવાનો હોઈ બંને જુદી જુદી બુક હોવાથી અભ્યાસીને અડચણ પડતી જોઈ તે અડચણ દુર કરવાનું અમોને વ્યાજબી લાગ્યું અને તે મુજબ આ બુક "તરબીયતે દુઆ" નામે બહાર પાડી કોમ સમક્ષ રજુ કરીએ છીએ.

આપણી પાક દુઆમાં કેવી મહત્વતા રહેલી છે. "દુઆ" યાને આપણી રોજીંદા બંદગીનો હેતુ અને તે ગુજારવાની શા માટે ફરજ છે વિગેરે ઉપયોગી બાબદો આ લઘુ પુસ્તકમાં બતાવવા અમોએ પ્રયત્ન કરેલ છે.

સ્કુલોમાં ભણતા વિદ્યાર્થીઓને આ બુક ઘણીજ ઉપયોગી છે એટલુંજ નહિ પણ સિંધી નહિ જાણનારાઓને પણ આ બુક ઘણીજ લાભ કર્તા છે કારણ કે દુઆ શીખવા ઉપ-રાંત તેની માયના અને તેને લગતી ઉપયો-ગી બાબદો સમજવાનું સાધન સાથેજ રાખેલું છે.

મરહુમ મી૦ હાસમભાઈ બોઘા માસ્તરે આપણા હાજર ઈમામ હજરત મૌલાના ધણી સલામત દાતાર સર સુલ-તાન મહમદ શાહ સામેનાં ૧૯૦૮ નાં કુટું-બ ગેર વ્યાજબી દાવા પ્રસંગે મીરાનજી

જુમાભાઈ ઈસમાઈલ કરાંચીવાળાને તરજુ-મો કરી આપવામાં પ્રસંગોપાત મદદ કરી કે જે તરજુમો હાઈ કોર્ટનાં બાહોશ ટ્રાન્સ-લેટરની બારીક તપાસમાંથી સત્તાવાર રીતે પસાર થઇ જવા પામ્યો. આવાં વિદ્વતા ભરેલાં કાર્યમાં મહેનત લેનાર મરહુમ મી. હાસમભાઈ બોઘા (ખુદા એમના રૂંહને શાંતી બક્ષો!) તથા મીશનરી જુમાભાઈ ઈસમાઈલ કરાંચીવાળા તથા અન્ય જે જે ગૃહસ્થોએ તેમાં ભાગ લીધો હોય અગર તેમને મદદ કરી હોય તેમનો આભાર આ પ્રસંગે માનવાને મારે ચુકવું જોઇએ નહિ.

પ્રગટ કર્તા.

સુચના.

૧–આ બુકનાં પ્રકરણ ત્રીજાંમાં જે પ્રમાણે પાઠો ગોઠવી દુઆ લખેલ છે તે મુજબજ તેના છુટા અર્થ અને સમજુતી (ભાવાર્થ) માં સમજવું.

૨–ગુજરાતી, અરબી, ફારસી શબ્દો કચ્છી ભાષાની રુઢી મુજબ "બ" ને બદલે "ભ" "દ" ને બદલે "ધ" "ડ" ને બદલે "ઢ" વપરાએલ છે.

જેમકે:– (૧) રબનું રભ,

(૨) દરગાહનું ધરગાહ વિગેરે.

૩–પ્રકરણ ૪ થાંમાં છુટા અર્થો આવેલ છે તેમાં નીચેની બાબદો ધ્યાનમાં રાખવી:–

(૧) જ્યાં જ્યાં કચ્છી ભાષાને લઇને થએલા અશુદ્ધ શબ્દો છે તે શુદ્ધ કરી અર્થ કરેલ છે.

(૨) ફારસી તેમજ અરબી શબ્દોમાં બે શબ્દોને જોડવા કેટલેક ઠેકાણે હ્રસ્વઇ, એક માત્ર, હ્રસ્વઉ, તથા કાનો માત્ર વપરાય છે તેમજ ચોક્કસપણું બતાવવા (અલ) " લ " વપરાય છે જેનો અર્થ ઇંગ્રેજીમાં " ધિ " જેવો થાય છે આવા શબ્દો જે જે ઠેકાણે ઉડાડી નાંખેલા જણાય ત્યાં ત્યાં તે જોડવા સારૂ વપરાએલ છે એમ સમજવું.

જેમકે:– અરશલ અઝીમ –
અરશ અને અઝીમ.

અનુક્રમણિકા.

પ્રકરણ	વિષય	પાનું
૧ લું	ખાલકની ખુબી	૧
,,	બંદાની ફરજ	૩
,,	રોજીંદા બંદગીની જરુર	૫
,,	પહેલે પગથીએ ચડયા વગર બીજે ચડાતું નથી	૮
૨ જું	શીયા ઇમામી ઈસમાઈલી દુઆ અને તેની ખુબીઓ	૧૨
,,	દુઆનો વખત	૧૫
,,	સર્વોત્તમ બંદગી (દુઆ)	૧૮
,,	દુઆના પાંચે મુદ્દા બર લાવતા પાઠો	૨૦
,,	પાકીઝગી અને વજુ	૨૩
,,	બંદગી ગુજારવાનું સ્થળ	૨૪

" ગત જમાત સાથે બંદગી ગુજારવી ૨૫

૩ જું માનવંતા બોધગુરૂ પીર સદરદીન સાહેબે રચેલી અસલ દુઆ
પાઠ ૧—૧૮ .... ૨૮—૫૯

૪ થું દુઆના શબ્દાર્થ
પાઠ ૧—૧૮ .... ૬૦—૧૧૦

૫ મું દુઆની માયના પાઠ ૧-૧૮-૧૧૧-૧૩૬

શુદ્ધિ પત્રક.

પાના	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૩	૧૫	બંધ	બંદા
૧૨	૧	નેટલી	તેટલી
૧૩	૧૨	વૃતિમી	વૃતીથી
૧૩	૧૬	સલામતિ	મલામતિ
૧૪	૫	મકલુકાત	મખલુકાત [સૈયદી
૪૧	૧	અલાહુમા	સૈયદી અલાહુમા યા
૪૧	૬	લ	લા
૪૫	૧૬	કુલ્લે	કુલ્લો
૪૬	૭	પંજતક	પંજતન
૪૯		જવાંમરદ	જવાંમરદી
૮૧	૭	મરળીના	મંડળીના
૧૦૯	૫	અમહુદો	અશહુદો
૧૨૧		નંબર પર ધ્યાન આપી વાંચવુ	

અમારા વાંચનારાઓને અરજ કરવાની કે ઉપલા શુદ્ધિ પત્રક પ્રમાણે પોતાનાં પુસ્તકમાં પહેલેથીજ ફેરફાર કરી લેવો, જેથી અશુદ્ધ વાંચવામાં ન આવે.

યા અલી મદદ.

મદદે મૌલા વ પંજેતન પાક

પ્રકરણ ૧ લું.

બાલકની ખુબી.

ચંદ્ર, તારા, પૃથ્વી, ગ્રહો વિગેરેની નિયમિત હીલચાલ પરથી વિચારવંત માણુસને તેના કર્તાનું ડહાપણ અને ખુબી સહેજમાં સમજાય છે. માણસ જાતથી લઇ પશુ, પક્ષી, અને છેક આંખથી ન દેખાય તેવાં અનેક જીવ જંતુના કર્તાએ સર્વનાં સુખ અને હર્ષ

ચાતી માટે ઘણાજ ચોક્કસ અને નિયમિત નિયમો બાંધ્યા છે, કે જેથી આ સૃષ્ટિનું ચક્ર ચાલ્યું જાય છે. એ નિયમને વધારે સ્પષ્ટ રીતે કુદરત કહેવામાં આવે છે જાણ્યે અજાણ્યે ગમે તે હાલતમાં કુદરત પોતાનું કામ કરે જાય છે. બીજમાં વૃક્ષ ને વૃક્ષમાં બીજ, એ નિયમ અનંત કાળથી ચાલ્યો આવે છે. પૃથ્વી પર તેમજ સર્વ બ્રહ્માંડમાં અનેક ફેરફારો થયા કરે છે. સૂર્ય અને ચંદ્ર પોતાનું કામ નિયમિતપણે કરે છે. આ સર્વનો કર્તા યાને કુદરતનો બનાવનાર એકજ છે જેને અનેક નામથી બોલાવવામાં આવે છે. કર્તા એટલે ખાલક અને તેની બનાવેલ ચીજો મખલુક કહેવાય છે. આપણા સુખ અર્થે તે ખાલકે અનેક જાતની વનસ્પતિ ફળ ફૂલ વિગેરે આ પૃથ્વી પર પેદા કરેલ છે. તે પણ એટલે સુધી કે વધારે જરૂરની

ચીજ વધારે જથામાં મળી શકે છે. દાખલા તરીકે આપણી હઈયાતી માટે પવન પાણી-ની મુખ્ય જરૂર છે, જે ફોગટ મળે છે કે જેના વગર પળ માત્ર પણ ચાલતું નથી. તેમજ ખાવા પહેરવા વિગેરેની વસ્તુ પણ પુષ્કળ જથ્થામાં પેદા થાય છે, જેનો વધારે વિચાર કરતાં તે કૃપાળુની કૃપા સહજે સમ-જાય છે. તે દરેકનું ભરણ પોશણ ગમે તેવી હાલતમાં કરે છે. આ સર્વ કાર્ય નિયમિત પણે બીલકુલ ગફલત વગર કરે જાય છે જે વગર આ સર્વ ખલકતની હઈયાતી સંભવેજ નહિ.

બંદાની ફરજ.

પરવરદિગાર સર્વ મખલુકાતનો રબ અને માલીક છે અને આપણે તેના બંદા

છીએ. એ મુજબ આપણી અને તેની વચ્ચે માલીક અને બંદાનું સગપણ છે. તે આપણા ઊપર રબુબીયતનો હક ધરાવે છે, તેમ બંદાપણાની ફરજ આપણા પર છે ઊપર. જણાવ્યા મુજબ તે પોતાની રબ તરીકેની ફરજ વગર ગફલતે કરે જાય છે, તેમ આપણે પણ બંદા તરીકેની ફરજ બજાવવા ગફલત ન કરવી જોઇએ એ સાબીત થાય છે. આપણી ફરજની ગફલતને સબબે તે માલિકની ઇતરાજી ઊતરે, અને તે સબબે કુદરત પોતાનું જોર કરવા ઇચ્છે, તો તેને દોષિત ગણ્યા પહેલાં પોતાની ભુલો જોવી જોઇએ અને તે સુધારવાને પોતાથી બનતો પ્રયત્ન કરવાને કોઇપણ જણે ચુકવું જોઇએ નહિ.

દરેક મનુષ્યની ફરજછે કે પોતાની બન્દાપણાની (અબુદીયતની) ફરજ દરરોજ નિયમત રીતે અદા કરવી જોઇએ, નહિ તો

તેમાં જેટલી ગફલતી તેટલી નુકશાની તેને ખમવી પડે છે.

એ મુજબ દરેક કોમના ધર્મગુરૂ પેશવા પોતાની ઉમ્મત પરની ફરજ અદા થાય એવી બંદગી ઘડી આપે છે અને તે બંદગી ગુજારવાનો યોગ્ય વખત મુકરર કરી ખુદાઈ રસ્તા ઊપર દોરે છે.

રોજીંદા બંદગીની જરુર.

બંદા તરીકેની ફરજ અદા કરવા સારૂ રોજીંદા બંદગીની જરૂર છે એટલુંજ નહિ પણ જીવ પટ પર ચડતો અનેક કર્મો રૂપી મેલ ધોવાને માટે પણ રોજીંદા બંદગીની જરૂર છે.

આપણો જીવ એક બગીચાનાં એક ઊત્તમ ફૂળ દાયક કોમળ છોડ જેવો છે.

જેમ છોડની હરરોજ સંભાળ રાખવામાં ન આવે, ઘાસ વિગેરે કચરો કહાડવામાં ન આવે, અગર પાણી પાવામાં ન આવે, તો તે છોડની ઊન્નતી થતી નથી, તેમ જો આપણા જીવને બંદગી રુપી જળ સીંચવામાં ન આવે, કામ, ક્રોધ, વિગેરે જેવા પંજ ભુ રુપી ઘાસ કહાડવાની સંભાળ રાખવામાં ન આવે તો તે અંતે અધોગતીને પામે છે.

મનુષ્યનો હરેક વિચાર, કૃત્ય, સંસ્કાર ઉત્પન્ન કરે છે, જેનો સંચય થયાં કરે છે, જેના ઊપર સારાં અગર નરસાં ભવિષ્યનાં નશીબનો સઘળો આધાર રહે છે. દૈવ સંસ્કાર વર્તમાન કાળમાં, અને વર્તમાન કાળના સંસ્કાર ભવિષ્ય કાળમાં, અવશ્ય ભોગવવા પડે છે.

જેમ વપરાતાં કપડા પર હરરોજ મેલ ચડે જાય છે, તેમ હરેક પળનો અવિચાર

રૂપી મેલ કપડા રૂપી જીવ પર ચડે જાય છે. એ રીતે જીવને અનેક રીતે વેઠવું પડે છે, અને અનેક અકર્મો રૂપી મેલમાં સંતાઇ રહે છે, કે જેથી પોતાને ઓળખવો પણ બહુ મુશકેલ થઇ પડે છે.

જેમ કપડાને હમેશા સાફ કરવામાં ન આવે તો વધારે મેલાં થઈ કાળાં થઇ જાય છે, તેમ આપણા જીવ સંબંધે પણ બને છે, માટે દરરોજ જીવને સાફ કરવા રોજીંદા બંદગીની ખાસ જરૂર સમજાય છે.

કેટલાક ગુનાહ ફકત તોબાહ અને શોચ કરવાથી માફ થઇ જાય છે, એમ મહાન પુરૂષોનું કહેવું છે, અને કેટલાએક ગુનાહો ધોવા માટે તોબાહ સાથે ખુદાવંદતાલાની બંદગી રૂપી સાબુની જરુર પડે છે.

માણુસ ભુલોથી ભરેલો છે પાક જાત

માત્ર ખુદાની છે. માણસ સવારથી સાંજ સુધી અજાણપણે અનેક માનસિક ગુનાહો કરે છે. તે ગુનાહો માટે તો રોજીન્દા બંદગી કરી ખુદાની રહેમત માંગવાની જરૂર છે. જેમ કોઈ મકાનને સાફ સુફ રાખવામાં ન આવે તો અવાવરૂ પડી રહી ઝેરી જીવોનો વાસ થાય છે, તેમ આપણા જીવને સવાર સાંજ બંદગી રૂપી પાણીથી સાફ કરવામાં નહિ આવે તો, તેમાં કામ, ક્રોધ, મોહ જેવા મહા મત્સર પેદા થાય છે.

પહેલે પગથીયે ચડયા વગર બીજે ચડાતું નથી.

ઈસ્લામમાં હિદાયત મેળવવાના ચાર તરીકા કહેલા છે.

૧ સરિયત ૨ તરીકત ૩ હકીકત ૪ મારફત

સરીયત અને તરીકત તે કર્મ યોગ જેવાં તરીકા છે. તે પૂર્ણ રીતે પાળવાથી હકીકતી પ્રાપ્ત થાય છે, અને ત્યાર બાદ મારફત સુધી પહોંચી શકાય છે.

શ્રી કૃષ્ણ પરમાત્માએ પણ ગિતામાં મુક્તિ મેળવવાના ત્રણ યોગ કહેલા છેઃ—

૧ કર્મયોગ ૨ ભક્તિયોગ ૩ જ્ઞાનયોગ

જ્ઞાનયોગ અને મુક્તિને છેટું નથી. જો માણસ જ્ઞાનયોગ સુધી પહોંચે, તો મુક્ત થઈ જાય છે. પણ તેટલી હદ સુધી પહોંચવાને તેવા કર્મ કરવા પડે છે એકદમ જ્ઞાનયોગ સુધી પહોંચવું બહુ મુશકીલ છે; માટેજ કર્મયોગ વધારે ઉત્તમ કહેલ છે.

જેમ પહેલે પગથીયે ચડયા પહેલાં ત્રીજે

પગથીયે ચડવું અસંભવિત છે તેમ સરીયત ને તરીકત પાળવા વિના મારફતે પહોંચવું અઘરૂં થઈ પડે છે.

એ મુજબ દરેક ધર્મગુરુઓ પોતાની ઉમ્મતને પહેલા પગથીયારુપી બંદગી વિગેરે ચોક્સ નિયમો બાંધી આપે છે. જેમ અભિયાસી પહેલાં દરેક ધોરણના વિષયો પૂર્ણ રીતે સમજી યાદ કરી, પરિક્ષામાં પાસ થઇ આગળ ચાલી શકે છે, આગળ વધ્યા પછી પણ તે કરેલા કર્મો યાદ રાખવા જોઈએ છે, તેમ મારફત સુધી પહોંચવા તેમજ પહોંચેલાને પણ નીચેનાં ધોરણ પાળવા આવશ્યક છે. જો નિયમિત અને પૂર્ણ કાળજીથી મહેનત લઇ પૂર્ણ રીતે પાળવામાં આવે તો પોતાની મકસદને જલદી પહોંચી શકાય છે.

દરેક કોમની માફક આપણને પણ આપણા બોધગુરૂ પીર સદરદીને મહાન

જહેમત ઊપાડી રોજીંદા બંદગી ઘડી આપી છે, જે આપણે હમેશા વખતસર ગુજારવી જોઇએ.

એ મુજબ આપણે જોયું કે રોજીંદા બંદગી બજાવવાની ફરજ ત્રણ કારણસર દરેક પર આવી પડે છે.

(૧) પોતાની બંદાપણાની ખુદા પ્રત્યેની ફરજ અદા કરવા માટે.

(૨) જીવને દરરોજ તે પર ચડે જતા ગુનાહો રૂપી મેલથી સાફ રાખવા તેમજ અગાઊ થઇ ગયેલા ગુનાહો ધોવા માટે.

(૩) છેવટનો મકસદ એટલે મારફત સુધી પહોંચવા પહેલું પગથીયું અગર ધોરણ ચડવા માટે.

એ મૂજબ ત્રણ કારણસર દરેક ઊપર નિત્ય નિયમિત બંદગીની ખાસ જરુર છે.

જેની જેટલી ગફ્લત તેટલી નુકશાની જીવને પહોંચાડવામાં આવે છે તે નક્કી વાત છે.

પ્રકરણ ૨ જું.

શીયા ઈમામી ઈસમાઈલી દુઆ અને તેની ખુબીઓ

રોજીંદા બંદગીમાં સમાયેલા હેતુ.

એ મુજબ રોજીન્દા બંદગીની જરૂર જોયા પછી તેમાં શું શું હેતુ સમાયેલા હોવા જોઇએ તે તરફ નજર કરીયે.

(૧) ખુદાવંદતાલા આપણા સર્વનો રબ યાને માલિક છે આપણને સર્વ ચિજો આપે છે આ સર્વ અહેસાનના બદલામાં આપણે તેની દરરોજ નિયમિત રીતે બંદગી કરવી જોઈએ.

(૨) દરેક જીવ પામરછે દરરોજ હજારો ગુનાહને પાત્ર છે માટે તે ગુનાહો માટે માફી ચાહી, તોબાહ કરી, ખુદા પ્રત્યે પોતાની તાબેદારી બતાવવી જોઇએ કે જેથી જીવ પર ચડે જતા ગુનાહો રૂપી મેલ દુર થાય.

(૩) આ સર્વ આપણને સુચવનાર નેકીના રસ્તા પર દોરનાર ને નિષ્કામ વૃતિથી અનિતીના રસ્તા પરથી દુર રાખવા સંભાળ રાખનાર આપણા રાહબર યાને ધર્મના પેશવા તરફ વફાદારી બતાવવી જોઇએ.

(૪) હજારો સલામતીથી દુર રાખવા, અને તેનાથી બચવા અનેક જન્મનાં પાપ રૂપી

મેલ દુર કરવા, ભવિષ્યના ગુનાહથી દુર રહે-વા, ગીરીયા ઝારીથી પોતાં ઉપર ખુદાની રહેમત માંગવી.

(૫) એ ઉપરાંત દરેકની ફરજછે કે ખુદા-ની મકલુકાતરાજા, પ્રજા, સારો નરસો સર્વ-ના હકમાં નેક દુઆ ગુજારવી અને તેઓનું ભલું થાય એવી દુઆ માંગવી.

જે બંદગીમાં ઉપલા પાંચે મુદ્દા સમા-યેલા હોય, તેજ ખરી અને સર્વથી શ્રેષ્ઠ પ્રાર્થના કહી શકાય.

દરેક કોમનો પેશવા પોતાની ઉમ્મત માટે નિત્ય પ્રાર્થના તરીકે, અમુક બંદગી રચી આપી, તે ગુજારવા ભલામણ કરી, સત્ય-ના રસ્તા પર દોરે છે. એ મુજબ નિમાઝ, સન્ધ્યા, પ્રેયર વિગેરે નામોથી રોજીન્દા બંદ-ગી ભાષા અને રૂઢી મુજબ કહેવામાં આવે

છે. એ મુજબ આપણને પણ આપણા મહાન ગુરૂ પીર સદરદીને અથાગ મહેનત લઇ, યોગ્ય ભાષામાં ઉપરના પાંચે મુદ્દા પૂર્ણ રીતે સમાવેશ કરી અરબી અને ફારસી બોલોથી શણગારી નિત્ય નિયમિત બંદગી રચી આપી છે. જેને "દુઆ" કહેવામાં આવે છે.

દુઆનો વખત.

બંદગીનો વખત એવો રાખવામાં આવ્યો છે કે જે વખતે દુનિયાદારી,વિગેરેની ખટપટ નડવાનો સંભવ રહેતો નથી, ને માણસ ધારે તો પોતાનું મન તે વખતે શાન્ત રાખી શકે છે. દુઆના ત્રણ વખત નિમેલા છે, તે માટે આપણા મુરશીદે આપણને જ્ઞાનેશરીફમાં કહેલ છે કેઃ—

(૧) સાંજીજી દુઆ.

જીરેભાઇ ! સંજ્યા વેળા મત કોઇચુકો,
એ છે ગુરની એ'ધાણીજી,
એ વેળા તમને દીધી,
કીધી તે દીનની બારી.-હરી

સન્જ્યા વેળા એટલે સુર્ય અસ્ત પામવા પછી તુરત આ દુઆ પડાવવામાં આવે છે. એ મુજબ આખા દિવસમાં થયેલ અનેક સતાપોને ટાળવા, શાન્તિથી ખાલિકની રહેમત માંગી, માફી ચહાવાનો આ વખત અનુકુળ છે.

(૨) બીજો વખત સુમણીની દુઆ તે વિષે આપણા ગુરસીદે આપણને જ્ઞાને શરીફમાં ફરમાવેલ છ કે:—

જીરેભાઇ ! બીજી વેળા એહીજ જાણો,
રાત ઘડી છ ગઇ જાણોજી;

તે તો બારી દરગા તણી,
ગુરથી થાઓ હુશીયાર-હરી.

એ મુજબ બીજી વખતની દુઆનો વખત સુર્ય આથમ્યા પછી બીજા પહોરની અંદરનો કહેવાય છે. આ બંદગીથી રાત્રીમાં ભ્રમિત મનથી બચવા અને નિતીના રસ્તા પર રાખવા મદદ કરે છે.

(૩) સુબુહ સાદીકનો વખત ઘણોજ ઉત્તમ અને અમુલ્ય છે. બંદગી કરવા આ વખતે સર્વથી શ્રેષ્ઠ છે કારણ કે આ વખતે મન શાંત અને શરીર તાજું થએલ હોય છે. આ વખતની બંદગી જલદી અસર કરી શકે છે.

આ વખત માટે આપણા મુરશીદે આપણને જ્ઞાને શરીફમાં ફુરમાવેલ છે કેઃ-

જીરેભાઇ ! ત્રીજી વેળા સંજ્યા પાછલી જાણો
ખટ ઘડી પરમાણોજી;
એ બારી સરગની ભણીએ,
લેવે ગુર નરને હાથ-હરી

એ મૂજબ આ બંદગી સવારમાં એટલે રાત્રીના છેલ્લા પહોરમાં એટલે સુર્ય ઉગમ્યા અગાઉ પડવામાં આવે છે.

આખો દિવસ સારો ગુજારવા રોજીમાં બરકત માંગવા, અને જીવને શાંત કરવા આ બંદગી અસરકારક રીતે કામ કરે છે.

સર્વોત્તમ બંદગી [દુઆ]

આપણે જોયું કે જે બંદગીમાં ઉપરના પાંચે મુદ્દાઓ બરાબર અમલમાં આવતા

હોય, તેજ બંદગી સર્વોત્તમ બંદગી ગણાય છે, પીર સદરદીનની રચેલી દુઆમાં ઊપરના પાંચે મુદા બરાબર અમલમાં આવે છે માટે દુઆ ઊંચો દરજ્જો ભોગવે છે.

પાંચે મુદાનો યોગ્ય સમાવેશ જોઇ તેમ-જ તે ગુજારવાના યોગ્ય સમય તરફ નજર કરતાં નિઃષ્પક્ષપાતપણે તપાસનારને "દુઆ" શહેનશાહી દરજ્જો ભોગવતી જણાયા વગર રહેશે નહિ.

શીયા ઇમામી ઇસમાઇલી મજહબની ઉંડી ફીલસુફી આપણને એમ સમજાવે છે, કે આખા બ્રહ્માન્ડમાં ખુદાવન્દતાલાની જાત પ્રસરેલી છે. અને તેના મધ્ય બિન્દુ તરીકે તે નુર આ દુનિયામાં જમાનાના ઇમામ એટલે હાજર ઇમામમાં જલવાગર છે તે જહુરાને "ઇમામ" કહીએ છીએ, તે આપણા જીવની

હિદાયત કરનાર હાદિયુલ મેહદી છે ને આપ-ણા પર હુકમી સત્તા ધરાવનાર સાહેબુલ અમર છે.

હાલના આપણા ૪૮ મા ઇમામ મઉ-લાના સુલતાન મહમદ શાહ હાદિયુલ મહે-દી સાહેબુલ અમરનાં સ્થુળ શરીરમાં તે નુર જલવાગર છે, જે આપણો રાહબર અને પેશવા છે અને તેના વસીલાને લીધે આપ-ણી દુઆ કબુલ થાય છે.

દુઆના પાંચે મુદા બર લાવતા પાઠો.

(૧) ખુદાતાલાની તારીફ અને બુઝુરગીઃ—

આપણી દુઆમાં "સચ્ચો વચન સુબ-હાન અલ્લા"નો પાઠ તથા "લા ઇલા ઇલ

અલાહ હુલ હૈયુલ કૈયુમ" વિગેરે પાઠોથી પૂર્ણ રીતે બજાવાય છે.

(૨) બન્દાના ગુનાહ માટે તોબાહ કરવા અને માફી માંગવા અને તાબેદારી બતાવવા:—

"તોબો તોબો તકસીર દાર" તેમજ
"ઇની કુન્તો મીનઝ ઝાલે મીન."

વિગેરે પાઠો ઘણીજ સરસ રીતે અને અસરકારક રીતે કામ બજાવે છે.

૩ ધર્મના પેશવા તરફ વફાદારી બતાવવા, પાઠનું અર્પણ અને દરેક મુરીદો પોતાના મુરશીદ હાજર ઇમામ તરફની વફાદારી સામાન્ય રીતે બતાવે છે. આપણા દીનના વડા હાકમ. આપણા સરતાજ હાજર ઇમામ સાહેબુલ અમર ને દુઆમાં "કુલ પીરેન્ને પીર" વગેરે બોલોથી સંબોધવામાં આવેછે.

તે આપણો તેઓ પ્રત્યેનો અચળ અને ઈશ્વ-રી ભક્તિભાવ દેખાડે છે, આ રીતે આ મુદો બરાબર અમલમાં આવે છે.

(૪) પોતા પર રહેમત માંગવા:—

પંજપાટીની દુઆ ઘણીજ ગીરીયાઝા-રીથી પડાય છે.

(૫) સર્વ તરફ નેક દુઆ ગુજારવા ખુદાની રહેમત માંગવા:—

યા શાહ ફ્જલ વ રહેમત કરીએ,
યા શાહ પીર વકીલ જુમલો જમાઅત,
દુઆ નીયત ખએર,
મોટા સીજદા,

વિગેરે ઘણાજ ઊત્તમ પાઠો બજાવે છે મનુષ્ય ધર્મ તરીકેની આફરજ આ પ્રમાણે અદા થાય છે.

પાકીઝગી અને વજુ

કોઈ દુનીયાના રાજા પાસે અરજ ગુજારનારને કેટલીએક રીતે સાવચેત રહેવું પડે છે. કપડાં સાફ રાખવા પડે છે. શરીરે સ્વચ્છ થઇ જવું પડે છે. ત્યારે ખુદાવંદતાલા કે જે શહેનશાહનો શહેનશાહ છે. તેની પાસે અરજ પહોંચાડવા કેટલી સાવચેતી રાખવી જોઇએ ? બંદગી ગુજારવા જમાતખાના એટલે બંદગી કરવાની જગ્યામાં પગ મુકવા પહેલાં શરીર અને કપડાં સાફ છે કે નહિ તેની સંભાળ રાખવી જોઇએ અને સાફ અને પાક થઇ જવું જોઇએ. જમાઅતખાનામાં દાખલ થયા પહેલાં હાથ, પગ, મ્હોં સારી રીતે સાફ કરી વજુ કરી જવું જોઈએ. નાપાકીથી હમેશા દુર રહેવું જોઇએ. નાપાકીથી શરીરમાં રોગ થાય છે અને તેથી કરીને મન વશ રહી શકતું નથી અને બંદ-

ગી બરાબર થઈ શકતી નથી એ માટે આપણા મુરશિદે જ્ઞાને શરીફમાં કહેલછે કેઃ-

નાતે ધોતે ન હોવે જોગી,
ન ધોવે તો હોવે રોગી;
પડ પીંડ ને વાધે રોગ,
અયસા બંદા શાહકું ન પાવે.

બંદગી ગુજારવાનું સ્થળ.

આપણે ઊપર જોઈ ગયા કે ઊ-તમ બંદગી મકબુલ કરાવવા તન અને મન શાંત રહી શકે, તેવા વખતની અને પાકીઝગીની જરૂર છે. તેમજ તેવા સ્થળની પણ જરૂર જણાય છે. હિંદુ લોકો મંદિર કે દહેરાંમાં ક્રિશ્ચીયન લોકો દેવળમાં, અને આપણા

લોકો જમાઅતખાનામાં બંદગી ગુજારે છે. બંદગી કરવાનું સ્થળ અલાહિદુ રાખવાથી બંદગી ગુજારવાનું વધારે સરળ પડે છે. આવી પાક જગ્યાના સંયોગથી અવિચાર દુર ખસે છે. મન શાંત રહી શકે છે. અને શરીર પરનો એક તરેહનો બોજો ઓછો થયેલો જણાય છે. દુનિયાની વ્યાધિ દુર થયેલી જણાય છે. આ મુજબ બંદગી ગૂજારવાનો રસ્તો સાફ અને સરળ થઈ જાય છે.

ગત જમાત સાથે બંદગી ગુજારવી.

આજનો સુધરતો જમાનો વીલ પાવરની શક્તિ ખરી છે તે કબુલ કરે છે. માણુસમાં વીલ પાવર કેટલો છે તે અમેરીકાના વિદ્વાનોએ તપાસ કર્યા પછી હવે કબુલ કરે

છે. આજનાં જમાનાનાં વીલ પાવરનાં અખતરા જોનારને આ બાબતની વધારે સમજણ પડશે. એક મણુસનો વીલ પાવર જે કામ કરે તે કરતાં વધારે જથામાં ભેગા માણુસોનો વીલ પાવર કેટલી શકિત ધરાવે તે આ ઉપરથી સમજવું સ્હેલ છે. ઈસ્માઈલી ધર્મ પુસ્તકોમાં આ વીલ પાવરની અજબ શકિત ઘણી જગોએ જોવામાં આવે છે. દાખલા તરીકે સતાડા નાંખી એક નેક મુરાદ કેમ પાર પાડવી વગેરે. આ સર્વ એક દીલથી બને છે, એ આજના સુધરેલા જમાનાના વીલ પાવરના અખતરા સાબીતી આપે છે.

આ ઉપરથી સમજાય છે કે એક જણ એકલો દુઆ ગુજારે તેના કરતાં ગત જમાત સાથે દુઆ ગુજારવામાં આવે તો બહુ અસર કરે છે; તે માટેજ ગત જમાત સાથે

દુઆ ગુજારનારને સર્વનો હિસ્સો મળે છે અને મોટા પુન્ય હાંસિલ થાય છે, એ ખરૂં છે.

કદાચ ગત જમાત સાથે દુઆ ગુજારવાનું બની શકે એમ ન હોય તો પણ ગમે તેવી હાલતમાં ગમે તેવા રીતે નીયમસર ને વખતસર દુઆ ગુજારવાનું હરેક ઇમામી ઇસમાઇલી પર ફરજ છે બીમારી જેવી લાચાર હાલતમાં પણ પોતાની ફરજ અદા કરવા ચુકવું નહિ. તેવા વખતે પીરશાહ એટલે નબી મહમદ મુસ્તફા અને હજરત મૌલા મુરતજા અલીની બાર તસબી કાઢવી, અગર મોઢે યાદ કરવી. જેથી પણ બંદા પરની બંદગીની ફરજ અદા થાય છે.

પ્રકરણ ૩ જું.

માનવંતા બોધ ગુરૂ પીર સદરદીન
સાહેબે રચેલી.

અસલ દુઆ

યા અલી મદદ

પાઠ પહેલો તથા બીજો

(૧)

ઘોઆ પડો. ઘોઆ પડો. ઘોઆ પડો. અલ્લાહ મરેહેઆ હક નામ ગીનો. મોલા અલી ઇમાન સાંજાએ દીનેયાં. ઘોઆ સાંજી

અર્જી વેનતી, ખીસે અમર પુઠીઆ. શાહા તોજે ધરગાહમે કબુલ કર, મોલાના આગા સુલતાન મહમદ શાહ દાતાર.

=સીજધો દીજે=

અગર સોમણીજી ધોઆ હોય ત (સાંજી સોમણીજી વેનતી ચોજે) અને અગર સુભુહજી ધોઆ હોય, ત (સાંજી, સોમણી, સુભુહજી વેનતી ચોજે.)

(૨)

તે કના પોએ "તસબીહ" કઢી,

=સીજધો દીઆણું=

પાઠ ત્રીજો

તોબો તોબો તકસીરવાર, બંધો સર તા પા ગુનેહગાર, યા શાહ, તું બક્ષીએ બક્ષણહાર. પીર થો ધોઆ પર ... ...શો વેનતી કરે સચ્ચો શાહા થો કબુલ કરે ફરમાન શાહા, પીરજો વચન==

એતરો ચઈને, તસબી પટ તે રખી હીઅ પડણું==

સચો વચન, સુબહાનલ્લાહ, શુકરન લીલ્લાહ, વલ હમ્દો લીલ્લાહ, વ ... ... લા-હા ઇલલ્લાહ, અલ્લાહો અકબર, ... હોલ વ લા કુવ્વત ઇલ્લા બીલ્લા હિ ... ... અઝીમ, રહીમ, કરીમ, કરી... ... ...ન, મુઝરક, પાક પરવરદીગાર, ... વેસ માનખા વેસ, ખંઢ એરાક, ...

અડતાલીસી ઈમામ, દસમુ નકલંકી અવતાર મોલાના આગા સુલતાન મહમદ શાહ દાતાર.

═સીજધો દીજે═

પાઠ ૪ થો

પોએ "હક યા શાહા" ચઈને વિશનાપુરી અને શાહાજી પુઠીયું પડજે.

વિશનાપુરી

ત્રણ કરણુ મધે સામીજીના અવતાર
પાત્ર પરવરતંતે
શ્રી અહુંણાદ (૧) અહુંણાદથી અલખ
(૨) અલખથી નામનીલ (૩) નામનીલથી
અનીલ (૪)

અનીલથી સુન (૫) સુનથી સાન (૬)
સાનથી નાન (૭) નાનથી ગીનાન (૮)
ગીનાનથી નુર (÷) નુરથી તેજ (૧૦)
તેજથી જળ (૧૧) જળથી કુમળ (૧૨)
કુમળથી અધણુધ (૧૩) અધણુધથી જાગ
(૧૪) જાગથી તંતવ (૧૫) તંતવથી પ્રેમ
તંતવ (૧૬)
પ્રેમ તંતવથી આદ પુરષ (૧૭)

આદ પુરષ નાભ ચકરથી ભયો બ્રહ્મા.
શ્રી અહુંણાદ આદ, અવિગત આદ,
શ્રી હુવ (૧) કવ (૨) ધરમ (૩) કેશવ(૪)
તવણાદ (૫) ઉતરા (૬) હરીતક (૭)
પરૂરવા (૮) અંત અતીત (૯)
પ્રેમરૂખ (૧૦)

વંશ શ્રી મછ (૧)
શ્રી મછ તાં મનાકિ (૧) અજમેર (૨)

અગરસેન (૩) એછાઉત (૪) ભરેસપત (૫) અસુઅમિતર (૬) પઉતર (૭) પઉવીર (૮)

વંશ શ્રી કોરભ (૨)

શ્રી કોરભ તાં ભિસરીચાત (૯) દિર્ખાવાત (૧૦) પ્રજાપત (૧૧) અગરસેન (૧૨) કદિમ (૧૩) દોએલ (૧૪)

વંશ શ્રી વારા (૩)

શ્રી વાગા તાં કેશાવ (૧૫) ખત્રીવશા (૧૬) અસાવ (૧૭) ઉનસ (૧૮) ખલીકૃત (૧૯) ગોતમ (૨૦) અંતઃ (૨૧) હુરીતક (૨૨) વંશ શ્રી નરસી (૪)

શ્રી નરસિંહ તા મનાએક (૨૩) કુઉચક (૨૪) રેપક (૨૫) કેશાવઢણ (૨૬) કેશાવરૂખ (૨૭) વંશ શ્રીં વાએમણ (૫)

શ્રી વાએમણ તાં માનધાતા (૨૮) પ્રથમીજએ (૨૯) એશરીન (૩૦) જવલમાન

(૩૧) વંશ શ્રી ફુડસીરામઃ (૬)

શ્રી ફુડસીરામ તાં રૂગ (૩૨) તુગ (૩૩) જુજેઆત (૩૪) કુંભ (૩૫) અલીફ (૩૬) અજેપાળ (૩૭) દશરથ (૩૮)

વંશ શ્રી રામ (૭)

શ્રી રામ તાં પદમ (૩૯) જશાવઢણુ (૪૦) વીરપાર (૪૧) વાસુદેવ (૪૨)

વંશ શ્રી કરસનજી કાન (૮)

શ્રી કાન તાં પરિખત (૪૩) જનમેજય (૪૪) સેસાનંદ (૪૫) સતાનંદ (૪૬) સ્વરસ્થાન (૪૭) બુધસ્થાન (૪૮) વીણુ વછરાજ (૪૯) વંશ શ્રી બુધ (૯)

શ્રી બુધ તાં શીશ (૫૦) સામ (૫૧) સલામ (૫૨) મલકાન (૫૩) એસલામ (૫૪) હારૂન (૫૫) સમઉન સફા (૫૬) અહનાન (૫૭) માઅદ (૫૮) નીઝાર

(૫૯) મુદ્દર (૬૦) એલીઆસ (૬૧) મુધરક (૬૨) ખુઝેમા (૬૩) કિનાના (૬૪) નઝર (૬૫) માલેક (૬૬) ફેહર (૬૭) ગાલેબ (૬૮) લુવે (૬૯) કઅબ (૭૦) મુરે (૭૧) કીલાબ (૭૨) કુસે (૭૩) અબ્દુલ મુનાફ (૭૪) અબુ હાસમ (૭૫) અબ્દુલ મુતલબ (૭૬) અબુ તાલેબ વલી (૭૭)

૮ શા શ્રી શાહ મોલા મુરતજાઅલી (૧૦)

શાહજી પુરીઊ

═વચન અબુ તાલબ વલી═

૧ હક મોલાના શાહા અલી
૨ હક મોલાના શાહા હુસેન
૩ હક મોલાના શાહ જએનુલ આબદીન
૪ હક મોલાના શાહ મહમદ બાકર

૫ હક મોલાના શાહ જાફર સાદક
૬ હક મો૦ શાહ ઇસમાઇલ
૭ હક મો૦ શાહ મહમદ બીન
શાહ ઇસમાઇલ
૮ હક મો૦ શાહ વફી અહમદ
૯ હક મો૦ શાહ તકી મહમદ
૧૦ હક મો૦ શાહ રઝી અબ્દલ્લાહ
૧૧ હક મો૦ શાહ મેહદી મહમદ
૧૨ હક મો૦ શાહ કાએમ
૧૩ હક મો૦ શાહ મનસુર
૧૪ હક મો૦ શાહ મોઅંજ
૧૫ હક મો૦ શાહ અઝીઝ
૧૬ હક મો૦ શાહ હાકમ અબુઅલી
૧૭ હક મો૦ શાહ જાહેર અલી
૧૮ હક મો૦ શાહ મુસ્તનસિર બિલાહ
૧૯ હક મો૦ શાહ નીઝાર
૨૦ હક મો૦ શાહ હાદી

૨૧ હુક મોલાના શાહુ મોહતદી
૨૨ હુક મો૦ શાહુ કાહેર
૨૩ હુક મો૦ શાહુ અલા જીકરીયા સલામ
૨૪ હુક મો૦ શાહુ અલા મહમદ
૨૫ હુક મો૦ શાહુ ખુદ જલાલુદીન હુસન
૨૬ હુક મો૦ શાહુ અલલાઉદિન મહમદ
૨૭ હુક મો૦ શાહુ રૂકનુદિન ખુરશાહુ
૨૮ હુક મો૦ શાહુ શમસદીન મહમદ
૨૯ હુક મો૦ શાહુ કાશમશાહુ
૩૦ હુક મો૦ શાહુ ઇસલામશાહુ
૩૧ હુક મો૦ શાહુ મહમદ બીન ઇસલામશાહુ
૩૨ હુક મો૦ શાહુ મુસ્તનસિર બિલાહુ
૩૩ હુક મો૦ શાહુ અબ્દસ સલામ
૩૪ હુક મો૦ શાહુ ગરીબ મીરઝા
૩૫ હુક મો૦ શાહુ ભુઘર અલી
૩૬ હુક મો૦ શાહુ મુરાદ મીરઝા

૩૭ હક મો૦ શાહ ઝુલફીકાર અલી
૩૮ હક મો૦ શાહ નુરદીન અલી
૩૯ હક મો૦ શાહ સયદ ખલીલીલાહ અલી
૪૦ હક મો૦ શાહ નીઝાર
૪૧ હક મો૦ શાહ સયદઅલી
૪૨ હક મો૦ શાહ હસનઅલી
૪૩ હક મો૦ શાહ કાસમઅલી
૪૪ હક મો૦ શાહ અબુલ હસનઅલી
૪૫ હક મો૦ શાહ ખલીલલા અલી
૪૬ હક મો૦ શાહ હસનઅલી
૪૭ હક મો૦ શાહ આગા અલીશાહ દાતાર
૪૮ હક મો૦ શાહ આગા સુલતાન મહમદશાહ દાતાર

હાજર જામેજો ધણી, વારેકેરો પુરખ સરેવો, ઇમામ હાદીઉલ મેહદી, સાહેબલ અમર, આગા સુલતાન મહમદ શાહ

દાતાર, અણુંત કરોડીઉં તારણહાર, હાજર જોમેજો ધણી, ખીસે અમર પુઠીઆ, શાહ, તોજે ધરગાહમેં કબુલ કર, મોલાના આગા સુલતાન મહમદ શાહ દાતાર.==

==સીજધો દીજે==

પાઠ પાંચમો તથા છઠો

[૫]

પંજપાટી

અલી અલ્લાહ

અલ્લાહુમા, યા મોલાના, અંતસ સલામ, વ મિનકસ સલામ, વ ઇલૈકા યરજઉસ સલામ, વ અલૈકા અલ્કૂસ

સલામ, હૈયેના રબના બિસ સલામ, વ અદખિલના દારસ સલામ, તબારકતા રબના વ તાલૈતા, યા ઝુલ જલાલ વલ ઇકરામ.

==એતરો સબની પાટમેં પડજે==

"બે ફઝલેકા, રહમત બિકુન"
યા મોલાના — ૨

લુત્ફે વ કરમ કુન"
યા મોલાના — ૩

"લા હૌલ વ લા કુવ્વત ઇલ્લા બિકા"
યા મોલાના — ૪

ઝુદ ઝુદ, બ ફિરીયાદ બેરસ"
યા મોલાના — ૫

વેલ પંજપાટીજી :

અલ્લાહુમા, સૈયદી, મીનકા મદદી,
વ અલૈકા મોઅતમદી, ઇયાકા નઅબુદો,
વ ઈયાકા નસ્તઈન, યા અબલગોસ,
અગિસની યા અલી અદરિકની, બે લુત્ફે-
કલ ખફી, સવાબી, રહેમતી, મરહેમતી
સચ્ચો મહમદ અરબી, અલી મહમદ
યક ખુદા, હક શનાસ, દહે બલા લા!
ઈલાહા ઇલલ્લાહ; મહમદ રસુલલ્લાહ,
અમીરલમોઅમીનીન અલી સહી અલ્લાહ
હસ્બો નલ્લાહ, વ નિયમલ વકીલ, વ
નિયમલ મોલા, વ નિયમલ નસીર, ગુફ્રે-
રાનકા રબના, વ ઇલૈકલ મસીર પંજ
પાટીજી વેનતી, ખીસે અમર પુઠીઆ,
શાહ તાજે ધરગાહમેં કબુલ કર, મોલા-
ના આગા સુલતાન મહમદ શાહ દાતાર.

==સીજધો દીજે==

(૬)

પોએ "શાહ દીદાર" જો પંજો દઈ

=સીજધો દીજે=

પોએ તસબી કઢી હી પડણું

પાઠ સાતમો

અલી અલ્લાહ, યા શાહ, રાહીએ, દરગાહીએ, ઇશ્ક ધારીએ, પંજેભાઇએંખે તુસી તોજો દિદાર દીએ. ખીસે અમર પુઠીઆ, શાહ તોજે દરગાહમેં કબુલ કર મોલાના આગા સુલતાન મહમદ શાહ દાતાર.

=સીજધો દીજે=

પોએ હી પડણું

પાઠ ૮ મો

અલી અલ્લાહ, યા શાહ, ફઝલ વ રહેમત કરીએ. કુલ ભલાંઈ ઘેરૂ કરીએં જીઅરેંખે જોત દીએ, મોએંખે મોખ દીએ જનંજા પીંઠ ભગે, તીનીજા જીવ સુથાએ કરીએ, ખએર પેદા કરીએ, શર ઘેરૂ કરીએ, તોજો ધીધાર નશીબ કરીએ બરકત દુઆ સાંજઅજી વેનતી, ખીસે અમર પુઠીઆ, શાહ, તાજે દરગાહમેં, કબુલ કર, મોલાના આગા સુલતાન મહમદ શાહ દાતાર

==સીજઘો દીજે==

સીજઘેમેં હીઅ પડણું

યા શાહ, પીર, વકીલ, જુમલો જમાત માહર, પીદર, બેશ, ખીશાંધર જીંદેહ હુર-

કેહુ, બંદે ખરતા યા ગુનેહગાર, યા શાહ તું બક્ષીએ બક્ષણહાર.

પાઠ ૯ મો

બિસ્મિલ્લા હિર રહમા નિર રહીમ

લા ઇલાહા ઇલલ્લા હુલ હૈયુલ કઇયુમ

લા ઇલાહા ઇલલ્લાહ, હુલ મલ્કુલ હક્કુલ મુબીન

લા ઇલાહા ઇલલ્લાહ, હુલ મલકુલ હક્કુલ યકીન

લા ઇલાહા ઇલલ્લાહ, હુલ માલેકે યૌમિદ્દીન

લા ઇલાહા ઇલલ્લાહ, હુલ અલીયુલ અઝીમ

લા ઈલાહા ઈલલ્લાહ, હુલ હલીમુલ કરીમ લા ઈલાહા ઈલલ્લાહો. રબ્બે સમાવાતે સબઅ વ રબ્બે અરઝીન સબઅ, વ મા ફી હિન્ના વ મા બૈન હુન્ના, વ રબ્બિલ અરશીલ અઝીમ લા ઈલાહા ઈલલ્લાહ, મહમદ રસુલલ્લાહ વ અમીરલ મોઅ-મીનીન અલી સહી અલ્લાહ હક્કન હક્કા અસ્તગ ફિરૂલ્લાહ હીલ અઝીમે વ બે હમ્દે-હી અસ્તગ ફિરૂલ્લાહ રબ્બિ વ અતુબો ઈલૈહી લા ઈલાહા ઈલલ્લાહ અંતા સુબહાનકા ઈન્ની કુંતો મીનઝ ઝાલેમીન લા ફતા ઈલ્લા અલી લા સૈફ ઈલ્લા ઝુલફિકાર.

નાદે અલી

નાદે અલીયન, મઝહરલ અજાએબ તજિદહુ ઐાનન લકા, ફીન નવાએબ કુલ્લે હમ્મીન, વ ગમ્મીન સયંજલી, બ

વિલાયતેકા યા અલીયો, યા અલીયો,
યા અલી==

==છુકારો વીજજે==

પોએ પંજતન પાકેજી ધોઆ દીજે
(અગર, ધોઆ સુબુહજી હોય ત, પેરી,
સુબુહ સાધંકજી તસબી કઢી, સીજધો દઈ,
પોએ પંજતક પાકેજી ધોઆ દીજે)

પાઠ ૧૦ મો

દુઆ પંજતન પાકેજી

હજરત નબી મહમંદ મુસ્તફા સલ-
લ્લાહો અલૈહી વ સલમ, હજરત મોલા
મુરતઝાઅલી, બીબી ફાતમત ઝોહરા
રઝી અલાહુ તઆલા, હજરત [illegible]

હુસન, હજરત ઇમામ હુસેન પંજતન પાકેજી ધોઆજી વેનતી, ખીસે અમર પુઠીઆ, શાહ, તોજે ધરગાહમેં કબુલ કર મોલાના આગા સુલતાન મહમદ શાહ દાતાર.

=સીજધો દીજે=

પોએ ધોઆ ગત પીરેખે દીણી, તેમેં પીરેજીઉં પુઠીઊં પડણીઊં

પાઠ ૧૧ મો

પીરેજીઉં પુઠીઉં

૧ પીર અવ્વલ નબી મહમદ મુસ્તફા સલ્લલાહો અલૈહી વ સલમ

૨ પીર ઇમામ હુસન

૩ પીર કાસમશાહ
૪ પીર જાફર શાહ
૫ પીર જએનુલ આબેદીન
૬ પીર અમીર આહમદ
૭ પીર સતગુર નુર
૮ પીર ઇંદ્ર હમામદીન
૯ પીર મહુમદ મનસુર
૧૦ પીર ગાલબદિન
૧૧ પીર અબ્દલ મજીદ
૧૨ પીર મુસ્તનસિર બિલાહ
૧૩ પીર અહમદ હાદિ
૧૪ પીર હાશમ શાહ
૧૫ પીર મહમદ શાહ
૧૬ પીર માહામુદ શાહ
૧૭ પીર મોહોબદિન
૧૮ પીર ખાલકદીન
૧૯ પીર અબદલ મોમનીન

૨૦ પીર ઇસલામદીન
૨૧ પીર સોલેહદીન
૨૨ પીર સલાહદીનં
૨૩ પીર શમસદીન
૨૪ પીર નસીરદીન
૨૫ પીર શાહબુદીન
૨૬ પીર સદરદીન
૨૭ પીર હુસન કબીરદીન
૨૮ પીર તાજદીન
૨૯ પીર પંન્ધીઆદ જવાંમરદ
૩૦ પીર હુએદર અલી
૩૧ પીર અલાઉદીન
૩૨ પીર કાસમશાહ
૩૩ પીર નસીર મહમદ
૩૪ પીર બાબા આગા હાશમશાહ
૩૫ પીર મહમદ જમાન
૩૬ પીર આગા અજીજ

૩૭ પીર મેહેરાબ બેગ

૩૮ પીર અલી અકબર બેગ

૩૯ પીર આગા અલી અસગર બેગ

૪૦ પીર મીરજા શાહ હસનઅલી

૪૧ પીર મીરજા શાહ કાસમઅલી

૪૨ પીર આગા શાહ અબુલ હસનઅલી

૪૩ પીર મીરજા મહમદ બાકર

૪૪ પીર સરકાર માતા સલામત

૪૫ પીર આગા શાહ હસનઅલી

૪૬ પીર આગા અલીશાહ દાતાર

૪૭ પીર આગા શાહ ખલીલલ્લાહ

૪૮ પીર અબલ હસન શાહ

૪૯ કુલ પીરેંજો પીર, મોલાના આગા સુલતાન મહમદ શાહ દાતાર, હાજર જોમેજો ધણી

યા રબ, હકકે ઊન દો ગુલે ગુલશાને

બતુલ, બક્ષીએ મારા, બ ફાતેમા, દુખ-
તરે રસુલ

ધોઆ ગત પીરેંખે રસાઉણુજી વેનતી
ખીસે અમર પુઠીઆ. શાહ, તોજે દરગા-
હમેં કબુલ કરૂં, મોલાના આગા સુલતાન
મહમદ શાહ દાતાર

==સીજધો ત્રીજે==

પાઠ ૧૨ તથા ૧૩.

(૧૨)

ધોઆ દિઓ, ગતપીરેં, બારગુરેં,
ઓલીઆ, અંબીઆ, સીંતેર સો સો
હુસેની, એક લાખ ચોવીશ હજાર પએ-
ગંમબર, ગત જુમલેજે રૂએંખે રસાઉણુજી

વેનતી, બીસે અમર પુઠીઆ, શાહ, તોજે બરગાહમેં કબુલ કર, મોલાના આગા સુલતાન મહમદ શાહ દાતાર.

==સીજધો દીજે==

પોએ ચોજે=તસબી કઢો "હજરત પંજતન પાક સાહેબેંજી" પોએ "પંજતન પાક જી તસબી કઢી,

==સીજધો દીજે==

પોએ ખએર નીઅથજી ધોઆ દીજે

પાઠ ૧૪ મો

ધોઆ નીઅત ખઈર

આકુબતજો ખઈર*કરીએ. હિત માંધ ખએર કરીએ. ધીન ધુનીઆજો ખએર કરીએ. અઠ પોહોર, ચોસઠ ઘડીઉં,

ખએર સલામતીસે ગુજારીએં. વાટે, ઘાટે રાહ મુસાફરે, રાહીએ, ધરગાહીએ, પંજે ભાઇએ, અમર ધારીએ, એશક ધારીએ જુમલે જમાએથજો ખએર કરીએં આલ્હ નબી, અઉલાદ અલીજો ખએર કરીએં યા અલી રખે જાલમ કનાં. યા અલી રખે શર શએતાન કનાં. યા અલી, રખે તીન કનાં, જીનીખે તોજી સાંજાએ ન આહે. યા અલી, તું ખએર કરીએ. ખએરજી વેનતી, ખીએ અમર પુઠીઆ શાહ તોજે ધરગાહમેં કબુલ કર, મોલા-ના આગા સુલતાન મહમદ શાહ દાતાર.

==સીજધો દીજે==

સીજધેમેં હીઅ ચાઉં.

પાઠ ૧૫ તથા ૧૬

સિજધો

૧ હિઓ સિજધો, અલ્લાહ મરેહેઆ, અલી મહમદ ગત જુમલેજી મુશકીલ આસાન કરે,

૨ હિઓ સિજધો, અલાહ મરેહેઆ, સાહેબ સતજો કાંગવો કભુલ કરે.

૩ હિઓ સિજધો, સાહેબ ગુરપીરજો બોલ કભુલ કરે.

૪ હિઓ સિજધો, ત સાહેબ રાહીએ ધરગાહીએખે ધર પોંચાએ, ધીધાર નશીભ કરે.

૫ હિઓ સિજધો, ત સાહેબ બારગુરજે અઉલાદકે સાંજાએ હીએ.

૬ હિઓ સિજધો, ત સાહેબ અન પાણીજે ભંડારમેં ભરકત વીઝે.

૭ હિઓ સિજધો, ત સાહેબ કરજીઅન
તા કરજ લાએ, ફરજીઅનજો કારસાજ
થીએ.

૮ હિઓ સિજધો, ત સાહેબ ધીનજા
ધુશમન વફે કરે.

૯ હિઓ સિજધો, ત સાહેબ વરખાનેમેં
સરાઇઉં, ખુશહાલીઉં, વધાયું કરે.

૧૦ હિઓ સિજધો, ત સાહેબ રાજાખે
રાજ દે; પ્રજાખે સુખ દે.

૧૧ હિઓ સિજધો, ત સાહેબ ગત જુમલે-
જીઉં મન ધુરીઊં મુરાધું હાસલ કરે

૧૨ હિઓ સિજધો, ત સાહેબ બંધીવા-
નેજા બંધ ખલાસ કરે.

૧૩ હિઓ સિજધો, ત સાહેબ સિગો
સવારી કરે, પ્રગટ થીએ.

૧૪ હિઓ સિજધો, ત સાહેબ મુશકીલ
આસાન કરે, ખએર પએધા કરે,

રખી વડે માહુધનજે આજાર કનાં.
૧૫ દિઓ સિજધો, અલાહુ મરેહુઆ, ત
અલી મહમદ ગત જુમલેજી વેનતી
કબુલ કરે.

સીજધે મીંજા મથો ખણી, હી પડજે.

(૧૫)

દિઆ ખરે પેટાંધજી સાર, સંભાર, ઓછીનું, પાછીનું, ચમડી ધામ, સારે સરકારમેં દિજા. યાર અલાહુ મરેહુઆ, મોલા અલી મન ધુરીઊં મુરાધું હાસલ કનેઆ મોલાના આગા સુલતાન મહમદ શાહ દાતાર ધીધાર નશીબ કનેઆં=

તસબી કહો, શાહ ગરિબ મીરજા, ફજલ કર, મોલાના અલી=

અલી અલાહુ

=સીજધો હીજે=

(૧૬)

તસબી કહો, આગા અલીશાહ દાતા-રજે ફરમાનજી.

=="યા અલી" ૧૪ વખત.

=="સલવાત" ૧૪ વખત.

==સીજધો દીજે==

પોએ, ખએર નીઅથજી ધોઆ દીજે.

પાઠ ૧૭ મો

ધોઆ નીઅથ ખએર

આકુભતજો ખએર કરીએં, યા અલી તું ખએર કરીએં, ખએરજી વેનતી, ખીસે અમર પુઠીઆ, શાહ, તોજે ધરગાહમેં કબુલ કર, મોલાના આગા સુલતાન મહમદ શાહ દાતાર

—સીજદો દીજે—

સીજદેમેં હીઅ ચોણું

યા શાહ, ભલી ભતાઈએં, બુરી તજાઈએં હર દો હાથ તુમારે.

પોએ કલમું પડજે

પાઠ ૧૮ મો

મવતે અલી, સફાઅતે રસુલ, એતાયતે ખુદા, હજરત કબુલ. પીર સતગુર નુરની ફરીયાદ, પીર શમસ ચોટની ફરીયાદ, પીર સધરધીનની ફરિયાદ, પીર હસન કભીરધીનની ફરિયાદ, પીર અલી અસગર બેગની ફરીયાદ, પીર મીરજા મહમદ ભાકરની ફરીયાદ, પીર સરકાર માતા સલામતની ફરીયાદ, પીર આગા શાહ ખલીલલ્લાહની ફરીયાદ, પીર અબલ

હસન શાહની ફરીયાદ, મોલાના આગા સુલતાન મહંમદ દાતાર પાસે ફરીયાદ, એણે કલમે કલમું પાક,

અશાહદો, અન લા ઇલાહા, ઈલલ્લાહ
અશાહદો, અન્ન મહમદ રસુલલ્લાહ
અશાહદો, અન્ન અમીરલ મોઅમીનીન
અલી સદ્દી અલ્લાહ

"હુએ ઝીંન્દાહ"
"કાયમ પાયા"
"શાહ પીર પાયા"

અલ્લાહજો દીદાર, મહમદજી સફાયત મહમદ સફાયત કરશે, મોમન બેહેસ્તલહંધા, ઉણા, પાપ, આસવંતા, ઉતારે પાર કરીએ; પ. પાયા. સુલતાન મહમદ શાહ દાતાર

==અન મરણ મોત હક==

મોજા તમામ.

પ્રકરણ ૪ થું.

દુઆના શબ્દાર્થ

પાઠ ૧ તથા ૨

દુઆ પઢો — બંદગી કરો

અલ્લાહ મરેહેઆ — ખુદાતાલા (તમારા ઊપર) રેહેમત કરે

હક નામ — ખુદાનું નામ

ગીનો — સ્મરણ કરો

ઈમાન — એકીન

સાંજાએ — હયા

દીનેયાં — બક્ષે

દુઆ — બંદગી

વેનતી - આજીજી
ખીસે અમર પુઠીઆ - તારી સત્તાની રુએ
શાહ - હાજર ઇમામ
દરગાહ - હજુર
મૌલા - ધણી
ના - અમારા
મઉલાના - અમારા ધણી
સીજદો - નમન

પાઠ ૩ જો

તોબો - હું (મારાં પાપ માટે) તોબા કરૂ છું
સિર - માથું
તા - સુધી
પા - પગ
સિર તા પા - માથાથી તે પગ સુધી
બક્ષણહાર - માફી બક્ષનાર

દુઆ પડે – બંદગી કરે છે

પીરજો વચન – પીરે કહેલા

સચ્ચો – ખરેખર

વચન – કહેવું

સચ્ચો વચન – ખરેખર કહું છું

સુબહાન – પાક

અલ્લાહ – ખુદા

સુબ્હાન અલ્લાહ – ખુદા પાક છે

શુકરન – એહસાન માનું છું

લિ – વાસ્તે

અલ્લાહ ખુદા

શુકરન લિલ્લાહ – ખુદાનો એહસાન માનું છું

વ – અને

અલ હમ્દ – બધી તારીફ તથા વખાણ

લિ – વાસ્તે

અલ્લાહ – ખુદા

વલ હમ્દો લિલ્લાહ – અને બધાં વખાણ ખુદાનાં છે

વ – અને
લા – નથી
ઈલાહા – ખુદા .
ઈલ્લા – સિવાય
અલ્લાહ – ખુદા
વ લા ઈલાહા ઈલલ્લાહ – અને ખુદા
સિવાય બીજો ખુદા નથી
અલ્લાહ – ખુદા
અકબર – સઉથી મોટો
અલ્લાહો અકબર – ખુદા સઉથી મોટો છે.
લા – નથી
હોલ – શકિત
વ – અને
લા – નથી
કુવ્વત – સત્તા
ઈલ્લા – સિવાય
બે – સાથે

અલ્લાહ - ખુદા

વ લા હઉલ વ લા કુવ્વત ઇલ્લા બિલ્લાહ } અને ખુદા સિવાય કોઇને શકિત કે સતા નથી

અલી - અલી

અઝીમ - બુલંદ

અલીયુલ અઝીમ - અલી બુલંદ

રહીમ - દયાળુ

કરીમ - કૃપાળુ

રઝીક - રોઝી આપનાર

હઝરત - મહાન

બુઝરગ - મોટો

પાક - પવિત્ર

પરવરદીગાર - પાલણ કરનાર

દેહલમ દેશ - ઇરાન દેશમાં એક પરગણા-નું નામ છે

માનખા વેશ - મનુષ્ય અવતારમાં

ખંડ એરાક – એશીયા ખંડમાં ઇરાનનો દેશ

પાત્ર – વડવાઓ

નકલંકી અવતાર – ખુદાનો દશમો અવતાર એનો અર્થ "કાંઇપણ ડાઘ અથવા ખોડ ખાંપણ વગરનો" થાય છે નકલંકી અવતાર તે મઉલા મુરતઝા અલી તેમજ તેઓની ગાદીએ આવનાર હરેક હાજર ઇમામ.

ખુલાસો

સંસ્કૃતમાં નંકલંકી અવતારનું કલ્કિ નામ છે. જેનો અર્થ "પાપ અને દુષ્ટતાનો નાશ કરનાર" થાય છે.

પાઠ ૪ થો

હક - ખરો

યા - ઓ

શાહ - હાજર ઈમામ

હક યા શાહ - ઓ શાહ (હાજર ઈમામ) તું સાચો છે

વિશનાપુરી - વિષ્ણુંના વડવાઓનાં નામો

કરણ - ચાર જુગ અને ચાર કલ્પની આગળ થઇ ગએલો જમાનો. અગીઆર લાખ વરસનો એક જુગ હોય, એવા ત્રીશ જુગનો એક કરણ-કુલે, ત્રણ કરોડ અને ત્રીશ લાખ વરસનો એક કરણ થાય છે. ત્રણ કરણમાં નવ કરોડ અને નેવું લાખ વરસની મુદ્દત થાય છે.

(જુઓ-ગુલ ગાવંત્રી.)

અહુણાદ આદ - અહુણાદની પેહેલાંનું

અવિગત આદ–તે અગાઉના સંબંધમાં વિગ-
તવાર હકીકત અજાણી છે.

નાભ ચકર – નાભ કમળ

ભયો – (શારીરીક રૂપમાં) જાહેર થયો.

બ્રહ્મ – ખુદા

મઉલા – ધણી

ના – આંપણો

મઊલાના – આંપણા ધણી

હાજર – હાલના

જોમેજો – ઈમામતના

ધણી – માલેક

હાજર જોમેજો ધણી – ઈમામતના હાલના
માલેક

વારેકેરો – જમાનાનો

પુરખ – ધણી

વારેકેરો પુરખ – જમાનાનો ધણી–હાજર
ઈમામ

હાદી – રાહબર
મહેદી – ભોમીઆઓને પણ રસ્તો
દેખાડનાર
હાદિયુલ મહેદિ–રાહબર અને ભોમીઆઓને
પણ રસ્તો દેખાડનાર
સાહેબ – ધણી
અમર – સતા
સાહેબલ અમર – સતાનો ધણી
અનંત – અસંખ્ય
કરોડીઉં – કરોડો જીવ
તારણહાર – મુક્ત કરનાર
અનંત કરોડીઊં તારણહાર–અસંખ્ય કરોડો
જીવોને મુકત કરનાર
બીસે અમર પૂઠીઆ – તારા હકની રૂએ
દરગાહ = હુઝુર

પાઠ ૫ અને ૬.

પંજ – પાંચ
પાટી – ભાગની બંદગી
પંજ પાટીની – પાંચ ભાગની
અલ્લાહુમ્મા – એ ખુદા
યા – એ
મઊલા – ધણી
ના – અમારા
મઊલાના – અમારા ધણી
અંતા – તું
સલામ – સલામત છે
અંતસ સલામ – તુંજ સલામત છે.
વ – અને
મિન – માંથી
કા – તારા
સલામ – સલામતી

વ મિનકસ સલામ – ને સલામતી તારા-
માંથી (આવે છે)

વ – અને
ઈલૈ – તરફ
કા – તારા
યરજઉ – પાછી ફરવાની છે સમાવાની છે.
સલામ – સલામતી
વ ઈલૈકા યરજઉસ સલામ–અને સલામતી
પાછી તારામાંજ સમાવાની છે.

વ – અને
અલૈ – ઉપર
કા – તારા
અલ્ફ – હજારો [અસંખ્ય]
સલામ – સલામતીઓ

વ અલૈકા અલ્ફુસ સલામ } અને હજારો (અસંખ્ય) સલામતીઓ તારા ઉપરજ (આધાર રાખે છે)

હૈયે - જીવડાવ, હયાત રાખ.
ના - અમને
રબ્બ - પાલણહાર
ના - અમારા
બિ - સાથે
સલામ - સલામતી
હૈયેના રબ્બના (ઓ પાલણહાર, અમોને
બિસ સલામ) સલામતી સાથે હયાત રાખ

વ - અને
અદખિલ - દાખલ કર
ના - અમને
દાર - ઘર
સલામ - સલામતીનું
વ અદખિલના (અને અમને સલામતીના
દારસ સલામ) ઘરમાં દાખલ કર
તબારકતા - તું બરકતદાર છે
રબ્બ - પાલણહાર

ના – અમારા
વ – અને
તાલૈતા – તું બુલંદ છે

તબારકતા રબ્બના વ તાલૈતા	એ અમારા પાલણહાર તું બરકતદાર અને બુલંદ છે

યા – એ
ઝુ – ધણી
જલાલ – કિર્તિ
વ – અને
ઈકરામ – મોટુ મન, મોટાઇ, ઉદારતા

યા ઝુલ જલાલ વલ ઇકરામ	એ કિર્તિવાન અને મોટા મનના ધણી.

બે – સાથે
ફ્ઝલ – મહેરબાની
કા – તારી
રહેમત – દયા

બિકુન - કર

બે ફઝલેકા રહમત બિકુન	તારી મહેરબાનીથી તું દયા કર.

યા - ઓ
મૌલા - ધણી
ના - અમારા
યા મૌલાના - ઓ અમારા ધણી
લુત્ફ - રહેમ
વ - અને
કરમ - કૃપા
કુન - કર
લુત્ફે-વ કરમ કુન - રહેમ અને કૃપા કર
લા - નથી
હૌલ - શક્તિ
વ - અને

લા - નથી

કુવ્વત – સતા

ઇલ્લા – સિવાય

બિ – સાથે

કા – તારા

લા હૌલ વ લા કુવ્વત } તારા સિવાય કોઈને
ઇલ્લા બિકા } શક્તિ કે સતા નથી

ઝુદ – જલદી

ઝુદ – જલદી

બ – ને

ફિરયાદ – અરજ

બે રસ – પહોંચ

ઝુદ ઝુદ બ ફિરી } જલદી જલદી (તું અમા
યાદ બે રસ } રી) અરજને પહોંચ

* * *

વેલ – પુરવણી

અલ્લાહુમા – ઓ ખુદા

સૈયદ - ધણી

ઇ - મારા

અલ્લા હુમા, } ઓ ખુદા, ઓ અમારા ધણી
યા સૈયદી }

મિન - તરફની

કા - તારી

મદદ - ટેકો

ઇ - મને

મિનકા મદદી - તારી તરફની મને મદદ-
(ટેકો) છે

વ - અને

અલે - ઊપર

કા - તારા

મોઅતમદી - મારો આધાર, મારો ભરોસો

વ અલેકા } અને તારી ઊપર મારો ભરોસો
મોઅતમદી } છે

ઈય્યા – ફક્ત

કા – તારી

નઅબુદો – અમે બંદગી કરીએ છીએ

ઈયાકા નઅબુદો–તારીજ અમે બંદગી કરીએ છીએ

વ – અને

ઈયા – ફક્ત

કા – તારી

નસ્તઈન – અમે મદદ માગીએ છીએ

વ ઈયા કા નસ્તઈન } અને તારીજ અમે મદદ માંગીએ છીએ

યા – ઓ

અબ – પીતા

ગૌસ – મદદ

યા અબલ ગૌસ } ઓ મદદના પીતા એટલે મદદ આપનાર મુળ પુરુષ. (હઝરત અલીનું લકબ છે)

અગિસ – વારે આવ

ની – મારી
અગિસની – મારી વારે આવ
અદરિક – મદદે પહોંચ
ની – મારી
અદરિકની – મારી મદદે પહોંચ
બે – સાથે
લુત્ફ – રહેમત
ક – તારા
બે લુત્ફેકલ ખફી – તારી છુપી રહેમતથી
સવાબી – મને (નેક) બદલો આપ
રહેમતી – મારા ઉપર દયા કર
મરહમતી – મને આશીરવાદ આપ

(ઊપરના ત્રણ શબ્દોમાં "ઈ" લાગ્યો છે તેનો અર્થ "મને" થાય છે.)

સચો મહુમદ અરબી–અરબસ્તાનમાં રહેનારો નબી મહમદ સાચો છે

અલી મહમદ યક ખુદા–અલી, મહમદ, એક-જ ખુદાઈ નુર છે

યક - એક

હક - ખરેખર

શનાશ - ઓળખ, ઓળખનાર

દફે - નાબુદ

હક શનાશ દફે બલા—એમ ખરેખર ઓળખનારની બલા નાબુદ થાય છે.

લા - નથી

ઈલાહા - ખુદા

ઇલ્લા - સિવાય

અલ્લાહ - ખુદા

લા ઈલાહા ઈલલ્લાહ—ખુદા સિવાય બીજો કોઇ ખુદા નથી

મહમદ - નબી મહમદ

રસુલ- નબી, કાસદ, ખબર લાવનાર, પેગંબર

અલ્લાહ - ખુદાનો

મહમદ રસુલલ્લાહ—મહમદ ખુદાનો પેગંબર છે.

અમીર - સરદાર

મોઅમીનીન - ખરા દીનદારો
અલી - હજરત મૌલા મુરતજા અલી
સહી - સાચો
અલ્લાહ - ખુદા

અમીરલ મોઅમીનીન અલી સહી અલ્લાહ	ખરા દીનદારોનો સરદાર અલી સાચો ખુદા છે

હસ્બો - સંપૂર્ણ
ના - અમારે માટે
અલ્લાહ - ખુદા
હસ્બો નલ્લાહ-ખુદા અમારે માટે સંપ્રૂણ છે
વ - અને
નિઅમા - સારો
વકીલ - હીમાયતી
વ નિઅમલ વકીલ-ને (તે) સારો હીમાયતી છે
વ - અને
નિઅમા - સારો

નસીર - મદદગાર

વ નિઅમન નસીર-ને તે સારો મદદગાર છે

ગુફ્રાન - અમે માફી માગીએ છીએ

કા - તારી પાસે

ગુફ્રાન કા-તારી પાસે અમે માફી માંગીએ છીએ

રબ્બ - પાલણહાર

ના - અમારા

રબ્બના - અમારા પાલણહાર

વ - અને

ઈલે - તરફ, પાસે

કા - તારી

મસીર - પાછું આવવાનું

વ ઈલૈકલ મસીર-અને તારીજ પાસે અમે પાછા આવવાના છીએ

મૌલા - ધણી

ના - અમારા

મૌલાના - અમારા ધણી

પાઠ ૭ મો.

શાહ - હાજર ઇમામ

શાહી - તારી તરફ આવનાર રાહદારો, માર્ગે ચાલનાર.

દરગાહ - જેઓ તારી હજુરમાં છે

ઇશ્કદારો - જેઓ તારી તરફ પ્રેમ ધરાવે છે

પંજેભાઈ - ધાર્મિક મંડળીના મેમ્બરો

તુસી - તું

ખીસે અમર પુઠીઆ - તારા હકની રૂએ

દરગાહ - હજુર

મોલા - ધણી

ના - અમારા

મોલાના - અમારા ધણી

પાઠ ૮ મો.

શાહ – હાજર ઈમામ

ફ્ઝલ – મહેરબાની

રહેમત – દયા

જીઅરે ખે – જીવતાઓને

જોત હીએ – આબાદ રાખ

મોએખે–મરી ગએલાઓને (જેઓ તારી રાહમાં ફૂના થએલા છે.)

મોખ દીએ–તેમના આત્માને મુક્તિ આપ

જીનીજા -- જેઓના

પિંઢ – શરીર

ભગે -- નાશ પામ્યા

જીનીજા પિંઢ ભગે–જેઓનાં શરીર નાશ પામ્યાં (જેઓ મરણ પામ્યા.)

સુથાએ – સારાં સ્થળ

સુથાએ કરીએ–સારા સ્થળમાં જગ્યા આપ

ખૈર – ભલાઈ

પૈદા કરીએ – જાહેર કર

શર – બુરાઈ

દફે કરીએ – દુર કર

ખીસે અમર પુઠીઆ – તારા હકની રૂએ

દરગાહ – હજુર

મૌલા – ધણી

ના – અમારા

મૌલાના – અમારા ધણી

યા શાહ – ઓ હાજર ઇમામ

પીર – બોધ ગુરૂ

વકીલ–અધીકારી (ઇમામે જેને હુદો આપ્યો હોય તે)

જુમલે – બધા

જમાત – દીનદાર

માદર – માતા, મા

પિદર – પિતા

ખેશ બિરાદર – સગા વ્હાલા

જિંદે - જીવતા
મોરદે — મુએલા
બંદે -- સેવકો
સિર -- માથુ
તા -- સુધી
પા -- પગ
સિર તા પા — માથાથી પગ સુધી
બક્ષીએ -- (અમને) માફ કર
બક્ષણુહાર -- માફી (ના) કરનાર

આઠ ૯ મો.

લા -- નથી
ઇલાહા -- ખુદા
ઇલ્લા -- સિવાય
અલ્લાહ — ખુદા
લા ઇલાહા ઇલ્લલ્લાહ—ખુદા સિવાય, બીજો ખુદા નથી.
હેય -- હયાત

કૈયુમ — કાયમ (હમેશા રહેનારો)

હૈયુલ કૈયુમ -- (જે) હયાત અને કાયમ છે

મલક — બાદશાહ

હક્ક — સાચો

મુંબીન -- શાક્ષાત (જાહેર)

મલકુલ હક્કુલ મુંબીન—(જે) સાચો અને
શાક્ષાત (જાહેર) બાદશાહ છે.

મલક — બાદશાહ

હક્ક — ખરેખર

યકીન — ચોકસ

મલકુલ હક્કુલ યકીન--(જે) ચોકસ અને
ખરેખર બાદશાહ છે.

માલેક — ધણી

યૌમ -- દિવસ

દીન -- ઇન્સાફ (કીઆમત)

માલેકે યૌમિદ દીન — (જે) કીઆમતના
દિવસનો ધણી છે.

અલી -- મોટો

અઝીમ -- બુલંદ

અલીયુલ અઝીમ -- જે મોટો અને બુલંદ છે

હલીમ -- ધૈર્યવાન

કરિમ --ઉદાર

હલીમુલ કરીમ--(જે) ધૈર્યવાન અને ઉદારછે

રબ્બ -- પાલણહાર

સમાવાત--આસમાનો(એનું એક વચન"સમા")

સબઅ -- સાત

રબ્બે સમાવાતે સબઅ--સાત આસમાનોનો પાલણહાર

રબ્બ -- પાલણહાર

અરઝીન } જમીનો (એનું એક વચન " અરઝ ")

સબઅ -- સાત

રબ્બે અરઝીન સબઅ--સાત જમીનનો પાલણહાર

વ – અને
મા – જે
ફી – અંદર
હિન્ના – તેઓની
વ મા ફી હિન્ના–અને જે તેઓની અંદર છે
વ – અને
મા – જે
બૈન – વચમાં
હુન્ના – તેઓની
વ મા બૈન હુન્ના } અને જે તેઓની વચમાં (છે)
વ – અને
અરશ – અરશ કુરશી, ખુદાઈ કુર્શી સ્થાન
અઝીમ – ઊંચી અને મોટી
વ રબ્બિલ અર શીલ અઝીમ } મોટી અને બુલંદ ઉંચી અરશ કુરશીનો પાલણ–હાર.

લા – નથી

ઈલાહા – ખુદા

ઈલ્લા – સિવાય

અલ્લાહુ – ખુદા

લા ઈલાહા ઈલ્લલ્લાહુ } ખુદા સિવાય બીજો ખુદા નથી

મહમદ – નબી મહમદ

રસુલ – પેગંબર

મહમદ રસુલલ્લાહ–મહમદ ખુદાનો પેગંબર છે

અમીર – સરદાર

મોમનીન – સાચા દીનદાર

સહી – ખરેખર

અલ્લાહ – ખુદા

અમીરલ મોમનીન અલી સહી અલ્લાહ } સાચા દીનદારોનો સરદાર અલી, ખરેખર ખુદા છે.

હક્કન હક્કા – ખરેખર

અસ્તગફિર – હું માફી માગું છું

અલ્લાહ – ખુદા (પાસે)

અસ્તગફિરૂલ્લાહ–ખુદા (પાસે) હું માફી માગુ છુ

અઝીમ – મહાન

વ – અને

બે હમદે હી – હું તેનાં વખાણ કરું છું

અસ્તગફિર – હું માફી માગું છું

અલ્લાહ – ખુદા (પાસે)

રબ્બી – મારો પાલણહાર

અસ્તગફિરૂલ્લાહ રબ્બી–હું માફી માગું છું
ખુદાની જે મારો પાલણહાર છે.

વ – અને

અતૂબો – હું તોબા કરૂં છું, પાપનો પશ્ચાતાપ કરૂ છું.

ઇલૈ – પાસે, તરફ.

હી – તેના

વ અતુબો } અને તેની પાસે તોબા કરૂં છૂં.
ઇલૈહ } (પાપનો પશ્ચાતાપ કરું છું.)

લા - નથી.

ઇલાહા - ખુદા.

ઇલ્લા - સિવાય.

અંતા - તું, તારા.

લા ઇલાહા } તારા સિવાય બીજો ખુદા
ઇલ્લા અંતા } નથી.

સુબહાન - પાક

કા - તું

સુબહાનકા - તું પાક છે

ઇન્ની - ખરેખર.

ઇ - હું.

કુંતો - છું.

મીન - માંથી

ઝાલેમીન - જુલમગારો, પાપીઓ.

ઇન્ની કુંતો મીનઝ્ ઝાલેમીન } ખરેખર હું પાપી છું.

લા – નથી.
ફતા – શુરવીર.
ઇંલ્લા – સિવાય

લા ફતા ઇલ્લાઅલી } અલી સિવાય કોઇ શુરવીર નથી. અલીની તાકાત એટલે સુધી છે, કે દુનીઆની કોઇપણ ચીજને, પોતાની તરફથી, હસ્તીમાં લાવે છે, અગર નાબુદ કરી શકે છે.

લા – નથી.
સૈફ – તલવાર

ઇલ્લા – સિવાય

ઝુલફીકાર–હજરત અલીની તલવારનું નામછે

લા ફેઈક ઇલ્લા ઝુલફિરાર–ઝુલફ્રિકાર સિવાય બીજી તલવાર નથી.

નાદે – સાદ કરો, બોલાવો, યાદ કરો.

અલીયન – અલીને.

નાદે અલીયન – અલીને યાદ કરો.

મઝહર – જાહેર કરનાર.

અજાએબ – નવાઈ જેવી ચીજો.

મઝહરલ અજાએબ–કુદરતનો કરનાર (અલી)

તજીદુ – તને માલમ પડશે.

હુ – તે.

આનન – મદદગાર

લ – વાસ્તે.

કા – તારે.

ફી – અંદર, માં.

નવાએબ – મુસીબતો.

તજીદુ હુ આનન લકા પ્રીન નવાએબ	તને માલમ પડશે કે તે (અલી) તારી મુસીબતોમાં મદદગાર થશે.

કુલ્લ – સઘળા.

હુમ્મ – દુઃખ

ગમ્મ – મુશકેલી.

સયંજલા–નીકળી જશે. દુર થશે, જતી રહેશે.

કુલ્લો હુમ્મીન વ ગમ્મીન સંયજલા	સઘળાં દુઃખ અને મુશકેલીઓ દુર થશે.

બ – સાથે, થી.

વિલાયત – મોહબત, કુમક; મદદ.

કા – તારો.

બ વિલાયતેકા – તારી મદદથી.

યા અલી, યા અલી; યા અલી,	ઓ અલી, ઓ અલી, ઓ અલી.

પાઠ ૧૦ મો.

પંજ - પાંચ

તન - જણ્

પાક - પવીત્ર

પંજતન - હજરતંઅલી, નબી મહમદ,
બીબી ફાતમા, ઇમામ હસન,
ઇમામહુસેન.

સલ્લ - આશીરવાદ.

અલ્લાહ - ખુદા.

અલ - ઊપર.

હી - તેના.

સલ્લાલ્લાહો અલે હી - તેના ઊપર ખુદાના
આશીરવાદ (હોજો)

વ - અને

સલ્લમ - શાંતી.

વ સલ્લમ - અને શાંતી (હોજો)

ઇજ્જત – માનવંત; મહાન.

મૌલા – ધણી.

ઝોહરા – શોભાયમાન.

રઝી – રાઝી રહે

અલ્લાહ – ખુદા.

તઆલા – મોટો

રઝી અલ્લાહો } મોટો ખુદા (તેના પર)
તઆલા } રાજી રહે

બીસે અમર પુઠીઆ – તારા હકની રૂએ.

શાહ – હાજર ઈમામ.

દરગાહ – હઝુર.

પાઠ ૧૧ મો.

ગત – સઘળા.

અવ્વલ – પહેલા.

સહ્લ – આશિરવાદ (હોજો.)

અલ્લાહુ – ખુદાના,

અલૈ – ઊપર.

હી – તેની.

સલ્લલ્લાહો (તેના ઊપર ખુદાના આશિરવાદ
અલૈહી) (હોજો.)

હાજર – હાલના.

જોમેજો – ઈમામતના.

ધણી – માલક.

હાજર જોમેજો } ઈમામતના હાલના માલીક.
ધણી }

રબ્બ – પાલણહાર.

હક્ક – ખાતર.

ઉન – તે.

દો – બે.

ગુલ – ફુલ.

ગુલશન – વાડી.

બતુલ – સતી સ્ત્રી (બીબી ફાતમાનું લકબ છે)

બક્ષીએ – માફ કર.

મારા – અમોને.

મા – અમો.

રા – ને.

બ – ખાતર.

બ ફાતમા – ફાતમાને ખાતર.

દુખતર – દીકરી

રસુલ – નબી માહુમદ મુસ્તફા.

ગત – સઘળા.

બીસે અમર ગુઠીઆ – તારા હકની રૂએ.

દરગાહ – હજુર.

મૌલા – ધણી.

ના – અમારા.

મૌલાના – અમારા ધણી.

પાઠ ૧૨ મો તથા ૧૩ મો.

ગત – બધા.
બાર ગુર – પીર સદરદીન.
ઔલીયા – ખુદાના દોસ્ત, (એનું એક વચન "વલી.")
અંબીયા. – પેકાંબરો (એનું એક વચન "નબી.")
સતર સો સો – સાત લાખ.
હુસેની – ખુબસુરત; ને ૧૨૪૦૦૦ પેગંબરની ઓલાદ.
એક લાખ ચોવીસ હજાર – ૧૨૪૦૦૦.
પેકાંબર – સંદેશા લાવનાર, નબીઓ.
પેગામ – સંદેશો.
બર – લાવનાર.
ગત જુમલે – સઘળા; બધા.
રૂએખે – આત્માઓને.

રસાડણજી -- પહોંચાડવા માટેની.
ખીસે અમર પુઠીઆ - તારા હકની રૂએ.
મૌલા -- ધણી.
ના - અમારા
મૌલાના - અમારા ધણી.

પાઠ ૧૪ મો.

દુઆ - બંદગી
નીઅત - ધારણા.
ખૈર - ભલી.
દુઆ નીઅત ખૈર-ભલી ધારણાની બંદગી.
હિત - અહીંઆં; આ દુનીયામાં.
માંદ - ભવિષ્યમાં; પેલો દુનીયામાં.
આકુબત - અંતકાળ.
વાટે - રસ્તામાં.

ઘાટે — મનજલમાં.
રાહુ મુસાફરે — રાહદારીઓનું.
રાહીએ — તારી (ઈમામની) તરફ આવનાર.
દરગાઈએ—તારી (ઈમામની) હુજુરમાં
પહોંચનારા.
પંજેભાઇ — ધાર્મિક મંડળીના મેમ્બરો.
અમલદારી — અધીકારી.
ઇશ્કદારી — તારા તલબગાર.
જુમલે — બધા.
જમાત — દીનદાર.
ખેર — ભલું.
આલ — ગાદીએ બેસનાર.
નબી — પીર.
આલ નબી — ગાદીએ આવનાર પીર.
ઔલાદ — પરીવાર.
જાલમ કના — જુલમગારોથી.
શર — બુરાઇ

શર શૈતાન કના – શૈતાનની બુરાઇથી
સાંઝાએ – હ્યા
ખીસે અમર પુઠીઆ – તારા હકની રૂએ
દરગાહ – હજુર

પાઠ ૧૫ મો તથા ૧૬ મો.

અલ્લાહ મરેહેમ્આ–ખુદા [તમારા પર] રહેમતકરે
ગત જુમલે – સઘળા
આસાન કરે – દુર કરે
સતજો કાંગવો – બઇયત, સતનો કોલ
મથે કરે – બુલંદ કરે
રાહી – તારી (ઇમામની) પાસે આવનારા
દરગાહી–તારી (ઇમામની) હજુરમાં રહેનારા
અથવા પહોંચનારા
દર પોંચાએ–(રાહીઓને) તારી દરગાહમાં
પહોંચાડ

સાંજાએ – સભ્યતા; હયા
ભંડાર – કોઠાર, જથો
બરકત – વધારો
કરજીયન – કરજદાર
કરજ લાએ -- કરજમાંથી મુક્ત કરે
ફરજીઅન–ફરજદાર, જેના ઊપર કોઈ કામ
ઊકેલવાની ફરજ આવી પડી હોય તે
કારસાઝ થીએ – કારજ પુરા થાએ
દફે કરે – નાબુદ કરે
દરખાનેમેં–પોતાનું (ઇમામનું) રહેઠાણ,
હાજર ઇમામનું પોતાનું રહેવાનું સ્થળ
સરાઇયું, ખુશહાલીઊં } ખુશી, ખુશહાલી, ને
વાધાયું કરે } આબાદાની કરે.
મન ગુરીયું – મનમાં ઇચ્છેલી.
મુરાદું – ધારણા, ઉમેદ.
હાસલ કરે – પુરી કરે.

બંદ ખલાસ કરે – છુટકારો કરે.
સિગો – જલદી.
સવારી કરે } ખુલ્લી રીતે જાહેર થાય, જાહે-
પ્રગટ થીએ } રાતમાં આવે.
આસાન કરે – દૂર કરે.
પૈદા કરે – ફેલાવે.
રખી વઠે – બચાવે.
માહાદન – કીઆમત.
ખએર – આબાદી.
આઝાર કના – દુ:ખથી.
વેનતી – આજીજી.
દીઓ – આપો.
ખટે – આવકમાંથી.
પેટાંદ – તમે ખાઓ તેમાંથી.
સાર સંભાર – ચોક્કસ હીસાબ ગણીને.
ઊછીનું – તમારા પરનું સરકારી લેણું.
પાછીનું–સરકારી બાકી, (જે તમોએ ધારેલી
હોય તે)

સારે - યાદ કરીને
સરકારમેં - હાજર ઈમામને
દીજા - આપજો
યાર - દોસ્તો, મિત્રો
અલ્લાહ મરેહેઆ-ખુદા [તમારા પર] રહેમત કરે.
મન ગુરીશિં - મનમાં ઈચ્છેલી. ધારેલી.
મુરાદ - મતલબ, ઉમેદ.
હાસલ કર્નેઆ - પુરી કરે.
શાહ ગરીબ મીરઝા-ગરીબનો મદદગાર, હાજર ઈમામ.
ફેઝલ - મહેરબાની.
મૌલા - ધણી.
ના - અમારા.
મૌલાના - અમારા ધણી.
સલવાત-(અલ્લાહુમા, સલ્લે અલા મહુમદીંવ વ આલે મહુમદ.)

અલ્લાહુમાં – એ ખુદા
સલ્લે – આશિરવાદ મોકલ
અલા – ઉપર
મહુમદ – નબી મહુમદ
અલા મહુમદ – નબી મહુમદ ઊપર
આલ – ગાદીએ આવનાર
આલ { નબી સાહેબની ગાદીએ આવનાર
મહુમદ } (ઊપર)

પાઠ ૧૭ મો.

દુઆ – બંદગી
નીયત – ધારણા
ખૈર – સારી, ભલી
દુઆ નીયત ખૈર – ભલી ધારણાની બંદગી
આકુબત – અંતકાળ, ભવિષ્ય

ખીસે અમર પુઠીઆ - તારા હુકની રૂએ
દરગાહુ - હુજુર
મૌલા - ધણી
ના - અમારા
મૌલાના - અમારા ધણી
ભલી - સારાઈ, સારાપણું
બતાઇંએ - બતાવો, દેખાડો
બુરી - બુરાઈ
તજાઇએ - દુર રાખો, મૂકાવો
હુર દો - એ બંને
હાથ તુમારે - તમારા હાથમાં છે

પાઠ ૧૮ મો.

મદદે અલી - અલીની મદદ.
શફાઅત - હીમાયત.

શફાયતે રસુલ – રસુલની હીમાયત
ઈતાયત – બંદગી
ઈતાયતે ખુદા – ખુદાની બંદગી કરે છે.
હજરત – ખુદા.
કબુલ – કૌલ.
હજરત કબુલ – ખુદાને કૌલ (છે)
પીર સતગુર નુર–ઇસમાઇલી ઇમામ તરફથી
બોધ કરવા આવેલ સાતમા પીરનું
નામછે (જુઓ પીરોની ટીપ)
પીર શમ્સ–ઈસમાઈલી ઇમામ તરફથી બોધ
કરવા આવેલ ત્રેવીશમા પીરનુંનામ
છે (જુઓ પીરોની ટીપ)
ચોટ – પ્રસિદ્ધ
પીર શમ્સ ચોટ – પ્રખ્યાત પીર શમ્સ
પીર સદરદીન–ઈસમાઇલી ઇમામ તરફથી બોધ
કરવા આવેલ છવીશમા પીર
(જુઓ પીરોની ટીપ)

પીર હસન કબીરદ્દિન–ઈસમાઈલી ઈમામ તર-
ફથી બોધ કરનાર સતાવીશમા પીરનું
નામ (જુઓ પીરોની ટીપ)

એણે કલમે કલમું–આવી રીતે (નીચે મૂજબ
નું કલમું)

પાક – પવિત્ર

અશહદો – હું સાક્ષી આપું છું

અન – કે

લા – નથી

ઈલાહા – ખુદા.

ઈલ્લા – સિવાય.

અલ્લાહ – ખુદા.

લા ઈલાહા ઈલ્લલ્લાહ– ખુદા સિવાય (બીજો)
ખુદા નથી.

અશહદો – હું સાક્ષી આપું છું.

અન્ન – કે.

મહમદ – નબી મહમદ.

રસુલ - પેગંબર.
અલ્લાહ - ખુદા.
મહમદ - રસુલલ્લાહ—મહમદ ખુદાનો
પેગંબર છે.
અમહદો - હું સાક્ષી આપું છું.
અમીર - સરદાર.
મોમનીન - સાચા દીનદારોનો.
અલી - મઉલા.
સહી - સાચો.
અલ્લાહ - ખુદા.
અમીરલ મોમનીન } સાચા દીનદારોનો સર-
અલી સહી અલ્લાહ } દાર અલી સાચો ખુદા છે
હુએ - છે.
ઝિંદાહ - જીવતો; હયાત.
હુએ ઝિંદાહ - તે હયાત છે.
કાયમ - હમેશાને માટે.

પાયા – પામ્યા છીએ.

કાયમ પાયા—અમે તેને હમેશને માટે
પામ્યા છીએ.

ખુલાસો—" હુએ ઝિંદાહુ " અને ' કાયમ પાયા " આ બે વાકયો એમ બતાવે છે કે ઈમામનું નુર હમેશા હયાત અને કાયમ છે.

પ્રકરણ ૫ મું.

દુઆની માયના

પાઠ ૧ લો.

(દુઆ પંઠા દુઆ ગેઠા થી–નાસબી
પીર શાહુની મુધી)

અલીની મદદ સાથે (શરૂ કરૂ છું)
(તમે) બંદગી કરો. બંદગી કરો.
બંદગી કરો.

ખુદાતાલા (તમારા) ઉપરરેહેમત કરે.
ખુદાના નામનું સ્મરણ કરો. મૌલા-
અલી તમને મોમીન અને દુઆ ગણશે.

ઓ શાહ, તારી સત્તાની રૂએ મારી સાંજની બંદગી અને આજીજી, તારી હજુરમાં કબુલ કર. ઓ અમારા ધણી આગા સુલતાન મહમદ શાહ.

---

(૨)

ત્યાર બાદ તસબો પીર શાહનો કાઢીને સુજીદો દેવો

(પછી તમારે સુજીદો દેવો)

પાઠ ૩ જો.

હું (મારા પાપને માટે) તોબા કરૂં છું. તોબા કરૂં છું. (હું) તકસીરદાર બંદો માથાથી તે પગ સુધી ગુનેહગાર છું. ઓ માફી બખશનાર શાહા, તું (મને) માફ કર. પીર બંદગી કરેછે. બંદો આજીજી

કરેછે. સાચો શાહ કબુલ કરે છે. પીરે કહેલા શાહના ફરમાનને (હું તાબે થાઉંછું.)

(ઉપર મુજબ બોલ્યા પછી, તસબી જમીન પર મુકવી, પછી આ પ્રમાણે બોલવું.)

ખરેખર કહું છું (કે) ખુદા પાક છે. ખુદાનો એહસાન માનું છું. બધા વખાણ ખુદાના છે. ખુદા સિવાય બીજો ખુદા નથી. ખુદા સૌથી મોટો છે. ખુદા સિવાય કોઇને શકિત કે સત્તા નથી. કે જે અલી, બુલંદ, દયાળુ, કૃપાળુ, રોજી આપનાર, મહાન, મોટો, પવિત્ર, પાલણ કરનાર, ઈરાન દેશમાં આવેલા દેહલમ પરગણા-મધ્યે, મનુષ્ય અવતારમાં છે. (અને તે)

સીતોતેર પાત્રો (વડવાઓ) (માંથી ઉતરી આવેલ છે.) દશમો નકલંકી અવતાર, અડતાલીશમો ઇમામ, આપણો ધણી. આગા સુલતાન મહમદશાહ દાતાર.

(પછી તમારે સુજીદો દેવો)

પાઠ ૪ થો.

(વિશ્નાંપુરી તથા ઇમામોના નામો વગેરે)

પછી "હક યા શાહા" બોલો. એટલે, "ઓ શાહ (હાજર ઈમામ) તું સાચો, છે" અને વિષ્ણુના વડવાઓનાં નામો અને શાહના વારસોનાં નામો બોલો.

વિષ્ણુના વડવાઓનાં નામો.

ખુદા કે જે ત્રણ કરણ (ચાર જુગ અને ચાર કલ્પની અગાઉ થઈ ગએલા ત્રણ મોટા જમાના) માં હૈયાત હતો, તે ખુદાનાં નામો તથા અવતાર અને તેમના થઈ ગએલા વડવાઓ.

ત્રણ કરણમાં થએલા ખુદાના સતર

અવતારો.

૧ અહુણાદ	૧૦ તેજ
૨ અલખ	૧૧ જળ
૩ નામનીલ	૧૨ કમળ
૪ અનીલ	૧૩ અધબુધ
૫ સુન	૧૪ જાગ
૬ સાન	૧૫ તત્વ
૭ નાન	૧૬ પ્રેમ તત્વ
૮ ગીનાન	૧૭ આદ પુરૂષ
૯ નુર	

ખુદા આદ પુરૂષના નાભ કમળમાંથી (નીચેને અનુક્રમે) શારિરીક રૂપમાં જાહેર થયો.

અહુણાદ પહેલાં શું હતું તેના સંબંધમાં વિગતવાર હકીકતો અજાણી છે.

ચાર કલ્પમાં થએલા ખુદાના દશ અવતારો.

૧ કલ્પ જાએલા

૧ હુવ ૩ ધરમ

૨ કવ ૪ કેશવ

૨ કલ્પ ફાએલા

૫ તવણાદ ૬ ઊતરા

૭ હરીતક

૩ કલ્પ અરજા

૮ પરૂરવા ૯ અંત અતીત

૪ કલ્પ ખલીફા

૧૦ પ્રેમરૂખ

પ્રેમરુખ પછી. મચ્છનો જન્મ થયો (૧)

૧ મચ્છના અવતાર પછી (જે પાત્રો થયા તેનાં નામ)

૧ મનાએક ૨ અજમેર

૩ અગરસેન	૬ અસુઆમિતર
૪ એછાઊત	૭ પઊતર
૫ ભરેસપત	૮ પડવીર

(અને) તેનાથી કોરભનો જન્મ થયો (૨)

૨ કોરભના અવતાર પછી જે પાત્રો થયા તેનાં નામ,

૯ ભિસરીયાત	૧૨ અગરસેન
૧૦ દિખીઆત	૧૩ કદીમ
૧૧ પ્રજાપત	૧૪ દોએલ

(અને) તેથી વારાહનો જન્મ થયો (૩)

૩ વારાહના અવતાર (પછી જે પાત્રો થયા તેનાં નામ)

૧૫ કેસવ	૧૯ ખલીફત
૧૬ ખત્રીવસ	૨૦ ગોતમ
૧૭ અસાવ	૨૧ અંતઃ
૧૮ ઊનસ	૨૨ હરીતક

(અને) તેનાથી નરસીંહનો જન્મ થયો (૪)

૪ નરસીહુના અવતાર પછી (જે પાત્રો થયાં તેનાં નામ.)

૨૩ મનાએક ૨૬ કેશાવઢણુ

૨૪ કઊિચક ૨૭ કેશબ રૂખ

૨૫ રેપક

(અને) તેનાથી વાએમનનો જન્મ થયો (૫)

૫ વાએમનના અવતાર પછી (જે પાત્રો થયા તેનાં નામ)

૨૮ માનધાતા ૩૦ એશરીન

૨૯ પ્રથમી જએ ૩૧ જવલગન

(અને) તેનાથી ફડસીરામનો જન્મ થયો (૬)

૬ ફડસીરામના અવતાર પછી (જે પાત્રો થયા તેનાં નામ)

૩૨ રૂગ ૩૫ કુંભ

૩૩ નુગ ૩૬ અલીપૂ

૩૪ જુજેઆત ૩૭ અજેપાલ

૩૮ દસરથ

(અને) તેનાથી રામનો જન્મ થયો (૭)

૭ રામના અવતાર પછી (જે પાત્રો થયા તેનાં નામ.)

૩૯ પદમ.
૪૦ જશાવઢણ.
૪૧ વીરપાર.
૪૨ વાસુદેવ.

(અને) તેનાથી શ્રી કૃષ્ણજી કાનનો જન્મ થયો (૮)

૮ શ્રી કૃષ્ણજીના અવતાર પછી (જે પાત્રો થયા, તેનાં નામ.)

૪૩ પરીક્ષત.
૪૪ જનમેજય
૪૫ સેસાનંદ
૪૬ સતાનંદ
૪૭ સ્વસ્થાન.
૪૮ બુધસ્થાન
૪૯ વીણુ વછરાજ

(અને) તેનાથી બુધનો જન્મ થયો (૯)

૯ બુધના અવતાર પછી (જે પાત્રો થયા, તેનાં નામ.)

૫૦ શીશ.
૫૧ સામ.
૫૨ સલામ.
૫૩ મલકાન.
૫૪ એસલામ.
૫૫ હાસ્સન
૫૬ સમઉનસફા
૫૭ અદનાન.
૫૮ માઅદ.
૫૯ નીઝાર.
૬૦ મુદર.
૬૧ એલીઆસ.
૬૨ મુધરક.
૬૩ ખુઝેમા.
૬૪ કીનાને.
૬૫ નઝર.
૬૬ માલેક.
૬૭ ફહર.
૬૮ ગાલેબ.
૬૯ લુવે.
૭૦ કઅબ.
૭૧ મુરે.
૭૨ કીલાબ.
૭૩ કુસે.
૭૪ અબ્દુલમુનાફ
૭૫ અબુ હાશમ
૭૬ અબ્દુલમુતલબ
૭૭ અબુતાલેબઅલી

(અને) તેનાથી શાહ મઉલા મુરતજાઅલીનો જન્મ થયો (૧૦)

શાહી (ઇમામતની) ગાદીએ આવનારનાં નામો

(હું) અબુ તાલબવલીના પછી પ્રગટ થએલા ઇમામોનાં નામો બોલું છું.

(ઈમામનાં નામો પાનાં ૩૫ થી ૩૮ માં આપેલ છે અને તે મુજબ હજરત મઉલા મુરતજાઅલીથી હાલના માલેક હજરત મઉલાના ધણી સલામત દાતાર આગાસુલતાન મહમદ શાહ દાતાર સુધીનાં નામો બોલવાં*)

---

* અરબીમાં નામ પાછળ બીન મુકી પિતાનુ નામ મુકવામાં આવે છે જેમકે:—

હક મઉલાના આગા સુલતાન મહમદ શાહ બીન અલી શાહ બીન હસનઅલી બીન ખલીલલ્લા અલી.

અડતાલીશમો ઇમામ આપણો સાચો **ધણી આગા સુલતાન મહમદશાહ** દાતાર, તે ઇમામતના હાલના માલેક, જમાનાના ધણીને સરેવો. એ ઇમામ. રાહબર, ભોમીઆઓને પણ રસ્તો દેખાડનાર, સતાના ધણી, **આગા સુલાતાન મહમદશાહ** દાતાર, અસંખ્ય કરોડો જીવોને મુકત કરનાર, ઇમામતના હાલના માલેક, તારા હકની રૂએ, તારી હજુરમાં (અમારી આજીજી) કબુલ કર. એ અમારા ધણી, આગા સુલતાન **મહમદશાહ.**

(અહીંયા તમારે સુજીદો દેવો)

પાઠ ૫ મો. અને ૬ ઠો.

ઓ ખુદા ઓ અમારા ધણી, તુંજ સલામત છે. ને સલામતી પાછી તારામાંજ સમાવાની છે. અને હુજારો [અસંખ્ય] સલામતીઓ તારા ઊપર આધાર રાખે છે. ઓ અમારા પાલણહાર અમને સલામતી સાથે હયાત રાખ, અને અમને સલામતીના ઘરમાં દાખલ કર, ઓ અમારા પાલણહાર, તું બરકતદાર અને બુલંદ છે. ઓ કીરતીવાન અને મોટા મનના ધણી.

(આટલું દરેક ભાગની પાછળ બોલવું.)

તારી મેહેરબાનીથી, તું દયા કર, ઓ અમારા ધણી.

* * * *

રેહમ અને કૃપા કર, ઓ અમારા ધણી

તારા શિવાય, કોઈને શકિત કે સત્તા નથી
ઓ અમારા ધણી.

* * * *

જલ્દી, જલ્દી, તું [અમારી]અરજને પહોં-
ચ, ઓ અમારા ધણી.

પાંચ ભાગની બંદગીની પુરવણી.

ઓ ખુદા! ઓ અમારા ધણી.! તારી તરફની મને મદદછે. અને તારા ઉપર મારો ભરોસોછે તારીજ અમે બંદગી કરીએ છીએ. અને તારીજ અમે મદદ માંગીએ છીએ. ઓ મદદ આપનાર મૂળપુરૂષ અલી મારી વારે આવ. ઓ અલી, તારી છુપી રહેમનથી મારી મદદે પહોંચ. મને (નેક) બદલો આપ મારા ઉપર દયા કર. મને આશીરવાદ આપ. અરબસ્તાનમાં રહેનારો નબી મહુમદ સાચો

છે. અલી મહમદ, એકજ ખુદાઇ (નુર) છે (એમ) ખરેખર ઓળખનારની બલા નાબુ-દ થાયછે.

ખુદા શિવાય, બીજો ખુદા નથી.

મહમદ ખુદાનો પેગંબર છે.

ખરા દીનદારોનો સરદાર અલી સાચો ખુદા છે સરસ હિમાયતી છે (તે) ખુદા અમારા માટે સમપુરણ છે. ને (તે) સારો ધણી છે. (તે) સારો મદદગાર છે. ઓ અમારા પાલણહાર, તારી પાસે અમે પાછા આવનારા છીએ. ઓ શાહ, પાંચ ભાગની (અમારી) વિનંતી, તારા હકની રૂયે, તારી હજુરમાં તું કબુલ કર. ઓ અમારા ધણી, આગા સૂલતાન મહમદશાહ.

(અહિંઆ તમારે સિજદો કરવો.)

(૬)

પછી એક બીજાના પંજા (હાથ) લઇ "શાહ દીદાર" એટલે "આપણે શાહને જોઇએ છીએ" એમ બોલો, અને સિજદો કરો.

પાઠ ૭ મો.

(પછી તસબી કાઢી નીચે મુજબ બોલવું.)

અલી ખુદા છે. ઓ શાહ, તારી તરફ આવનાર રાહદારી (મારગે ચાલનાર) ને, અને જેઓ તારી હજુરમાં છે તેઓને, અને જેઓ તમારી તરફ પ્રેમ ધરાવેછે તેઓને અને જેઓ પંજેભાઈઓ (ધારમીક મંડળીના મેંમ્બરો) છે, તેઓને તું તારા દીદાર નસીબ કર. ઓ શાહ, તારા હકની રૂએ તારી હજુરમાં (અમારી વિનંતી) તું કબુલ કર. ઓ અમારા

ધણી આગા સુલતાન મહંમદશાહ.
(આ ઠેકાણે તમારે સિજદો દેવો.)

પાઠ ૮ મો.

અલી ખુદા છે. ઓ શાહ, (અમારી પર) મેહેરબાની અને દયા કર, (અમારી) સઘળી બલાઓ દુર કર. જીવતાઓને આબાદ રાખ તારી રાહમાં ફના થએલા આત્માઓને મુક્તિ આપ. જેઓના શરીર ભાંગી ગયા (જેઓ મરણ પામ્યા) તેઓના જીવને સારા સ્થળમાં જગા આપ. ભલાઈ જાહેર કર. બુરાઈને દુર કર. ઓ શાહ, સાંજની બંદગીના પ્રતાપે, અમારી વિનંતી, તારા હકની રૂએ, તારી હજુરમાં કબુલ કર. ઓ અમારા ધણી, આગા સુલતાન મહમદશાહ.
(અહીંઆ તમારે સીજદો દેવો.)

(સીજદામાં આમ બોલો)

ઓ શાહ, પીરો (બોધ ગુરૂ) વકીલો (અધીકારીઓ) આખી જમાત, માતા, પીતા, સગાં વહાલાંઓ, જીવતાઓ અને મુએલાંઓ, અને (સઘળા) તારા સેવકો, માથાથી પગ-સુધી પાપી છીએ. ઓ શાહ, બખશણહાર, તું અમોને માફ કર.

પાઠ ૯ મો.

કૃપાળુ અને દયાળુ ખુદાના નામથી (શરૂ કરૂં છું.)

(૧) ખુદા સિવાય બીજો ખુદા નથી જે હયાત અને કાયમ (હમેશાં રહેનારો) છે.

(૨) ખુદા સિવાય બીજો ખુદા નથી, જે, સાચો અને પ્રત્યક્ષ (જાહેર) બાદશાહ છે.

(૩) ખુદા સિવાય, બીજો ખુદા નથી જે,
ચોકસ અને ખરેખર બાદશાહ છે.
(૪) ખુદા સિવાય બીજો ખુદા નથી જે,
કીઆમતના દીવસનો ધણી છે.
(૫) ખુદા સિવાય બીજો ખુદા નથી, જે,
મોટો અને બુલંદ છે.
(૬) ખુદા સિવાય બીજો ખુદા નથી જે,
ધૈર્યવાન અને ઉદાર છે.
(૭) ખુદા સિવાય બીજો ખુદા નથી જે સાત આસમાનોનો પાલણહાર છે. અને સાત જમીનનો પાલણહાર છે. અને તેઓની (સાત આસમાન અને સાત જમીનની) અંદર જે છે, તેનો પાલણહાર છે.

અને તેઓની (સાત આસમાન તથા સાત જમીનોની) વચ્ચે જે છે, તેનો પાલણહાર છે, અને સૌથી મોટી અને ઉંચી અરસકુરશીનો પાલણહાર છે.

(૮) ખુદા સિવાય, બીજો ખુદા નથી, મહમદ ખુદાનો પેગંબર છે અને સાચા દીનદારોનો સરદાર અલી ખરેખર ખુદા છે.

ખરેખર, મહાન ખુદાની પાસે હું માફી માગું છું. અને હું તેના વખાણ કરૂં છું. હું માફી માગું છું ખુદાની, જે મારો પાલણહાર છે. અને હું તેની પાસે તોબા કરૂં છું. (મારાં પાપનો પશ્ચાતાપ કરૂં છું) તારા સિવાય બીજો ખુદા નથી. તુ પાક છે. ખરેખર હું પાપી છું.

અલી સિવાય, કોઈ શૂરવીર નથી.
ઝુલફીકાર સિવાય, કોઈ તલવાર નથી.

---

(૧) યાદ કરો [યાદ કરો] અલીને, જે કુદરતનો કરનાર છે, તને માલમ પડશે કે તારી મુસીબતોમાં તે (અલી) તારો મદદગાર થશે. અલીની મદદથી સઘળાં દુઃખ અને મુશકેલીઓ દુર થશે. ઓ અલી, ઓ અલી, ઓ અલી.

ખુલાસો.

ખૈબરના કિલ્લાની યહુદી કુફફારો સામેની લડાઈમાં, જ્યારે હજરત નબી મહમદ મુસ્તફા સંકટમાં આવી પડયા, અને સઘળા અસહાબો અને લશ્કરે નાસવા માંડયું, ત્યારે નબી સાહેબ ઘણી ચિંતામાં પડ્યા હતા, આ વખતે જીબરઈલે આ શબ્દો[નાદે અલીયન, વગેરે] નબી સાહેબને કહ્યા હતા નબી સાહેબે હજરત અલીને યાદ કર્યા. હજરત અલીએ આવીને, ખૈબરનો કિલ્લો ફતેહ

કરી, કાફરોને ઠાર કર્યા. ખૈબરના કિલ્લાનો દરવાજો, જે વજનમાં કેટલાક હજારો મણ-નો હતો, તે હજરતઅલીએ એક હાથે ઉખેડી નાંખ્યો, અને તે દરવાજો ખાઇ ઊપર માંડીને, તે ઉપરથી પોતાનું લશ્કર કિલ્લા-માં લઇ ગયા. નબી સાહેબે તે કિલ્લો ચાલીશ દીવસની અંદર જીતવાને કાફરો પાસે સુકન ઓચર્યા હતા, પણ છેલા દિવસ સુધી કોઇપણ તે અભેદ્ય કિલ્લો જીતી શકયું નહિ. પણ હજરતઅલીએ પોતાના મહાન ઇશ્વરી બળથી, અર્ધા દિવસમાં તે કિલ્લો તાબે કીધો.

પાઠ ૧૦ મો.

પાંચ પવિત્ર તનને લગતી બંદગી

માનવંતા પેગંબર, મહુમદ મુસ્તફા (એના ઉપર ખુદાના આશીરવાદ અને શાંતી હાજો) મહાન ધણી મુરતઝાઅલી, શોભાયમાન બીબી ફાતમા [મોટો ખુદા તેના ઉપર રાજી રહે] માનવંતા ઈમામ હુસન. મહાન ઈમામ હુસેન.

એ શાહ, તારા હુકની રુએ, પાંચ પવિ-ત્ર તન [જણાં] ને લગતા બંદગીની વિનંતી તારી હુજુરમાં કબુલ કર. ઓ અમારા ધણી, આગા સુલતાન મહુમદ શાહ.

(અહિંઆ) તમારે સીજદો દેવો.

પાઠ ૧૧ મો.

પછી [તમારે] સઘળા પીરો માટે બંદગી કરવી. તેમાં પીરોની પુઠીઊં (ગાદીદાર પીરોનાં નામ પડો.)

*(૧) પહેલા પીર } નબી મહમદ મુસ્તફા (તેના ઊપર ખુદાના આશીરવાદ અને શાંતી હોજો)

(૨) બીજા પીર ઇમામ હસન

(બીજા પીરોનાં નામ દુઆના આ ભાગમાંથી જોઇ લેવા.)

---

* નબી મહમદ મુસ્તફા પહેલા પીર છે. અને ત્યાર પછી પીરનો તેમો ઇમામ હસનને મળેલછે. હજરત મૌલા મુરતઝા અલી, એ વીષ્ણુનો દશમો નકલંકી અવતાર છે. તેઓ પહેલાં ઇમામ છે. અને ત્યાર બાદ, ઇમામ હુસેન બીજા ઈમામ છે.

હજરત અલીની ગાદીપર આવનારા ઈમામો "શાહ" કહેવાય છે ચાલુ જમાનાના ઈમામ હોય તે હાજર ઈમામ કહેવાય તે જેને પીરના તેમો (હુદો) આપે તે પીર કહેવાય છે.

(૪૯) તમામ પીરોના પીર આપણા ધણી આગા સુલતાન મહુમદશાહ, ઈમામતના હાલના માલીક.

એ પાલણહાર ધણી, સત્યવંતી બીબી ફાતમાની વાડીના બે ગુલાબના ફુલો (હજરત ઈમામ હુસેન તથા ઈમામ હસન)ની ખાતર, પેગંબરની દીકરી બીબી ફાતમાની ખાતર, અમને માફ કર. એ શાહ, તારા હકની રૂએ, સઘળા પીરોને આશીરવાદ દેવા માટેની અમારી બંદગી અને વિનંતી, તારી હજુરમાં કબુલ કર. એ અમારા ધણી, આગા સુલતાન મહુમદશાહ દાતાર.

પાઠ ૧૨ મો. તથા ૧૩ મો.

(૧૨)

બધા પીરો, બાર ગુર (પીર સદરદીન) ખુદાના દોસ્તો, પેગાંબરો, સાત લાખ હુસેનીઓ (ખુબ, એટલે સારા) (એક લાખ ચોવીશ હજાર પેગાંબરની ઓલાદ) એક લાખ ચોવીશ હજાર પેગાંબરો, સઘળાના આત્માને (આશીરવાદ) આપવા માટેની અમારી વિનંતી, ઓ શાહ, તારા હકની રુએ, તારી હજુરમાં કબુલ કર. ઓ અમારા ધણી, આગા સુલતાન મહમદ શાહ.

(અહીઆં તમારે સિઝદા દેવો)

---

(૧૩)

પછી પંજતન પાકના નામની તસબી ફેરવવી.
(અને ત્યાર પછી, સિજ્દો આપવો)

પાઠ ૧૪ મો.

(અમારી) ભલી ધારણાઓની બંદગી.

અમારો અંતકાળ સારો કરજે. હમણાં અને ભવિષ્યમાં ભલું કરજે. દુનીઆ અને આખરતમાં સારૂં કરજે. આઠ પહોર અને ચોસઠ ઘડી (રાત દિવસ) ભલાઈ અને આબાદી સાથે પસાર કરજે. રસ્તામાં અને મનજલમાં, રાહદારીઓનું, તારી તરફ આવનારાઓનુ, અને તારી તરફ પહોંચનારાનું પંજેભાઇઓ (ધારમિક મંડળીના મેમ્બરો) નું, અધીકારીઓનું, તારા તલબગારોનું, અને બધી

જમાતનું ભલું કરજે. ગાદીએ આવનાર પીરો, અને અલીના પરીવારનું સારું કરજે. એ અલી, અમોને જુલમગારોથી બચાવ, એ અલી, જેઓને તારી હયા નથી, તેઓથી અમોને દુર રાખ. એ અલી તું ભલું કરજે. તારા હકની રૂએ, ભલાઇ બાબેના (અમારી) આજીજી, તારી હજુરમાં કબુલ કર. એ અમારા ધણી, આગા સુલતાન મહમદશાહ દાતાર.

(અહીંઆ) તમારે સીજદો દેવો.

પાઠ ૧૫ તથા ૧૬ મો.

(૧૫)

(સિજદામા આમ બોલો)

[૧) સીજદો દીયો ખુદા (તમારા પર) રહેમત કરે, (તમે માંગો) કે આપણા

સઘળાની મુશ્કેલીઓ અલી, મહમદ, દુર કરે.

(૨) સીજદો દીઓ, ખુદા, (તમારા પર) રહેમત કરે, (તમે માંગો) કે મૌલા આપણો સતનો કોલ અથવા બઇઅત કબુલ કરે.

(૩) સીજદો દીઓ, ખુદા (તમારા પર) રહેમત કરે (તમે માંગો) કે મૌલા ગુર પીરનો બોલ બુલંદ કરે.

(૪) સીજદો દીઓ (ને માંગો) કે મૌલા પોતાની તરફ આવનારા તથા પોતાની હજુરમાં પહોંચનારાને, પોતાની આસ્તાને પહોંચાડી, પોતાના દીદાર નસીબ કરે,

(૫) સીજદો દીઓ (ને માંગો) કે મૌલા બાર ગુર (પીર સદરદીન) ના પરીવારને સત્યતા બખશે.

(૬) સીજદો દીઓ (ને માંગો કે) મૌલા અનાજ પાણીના ગંજ (જથા) માં બરકત (વધારો) નાંખે.

(૭) સીજદો દીઓ (ને માંગો) કે મૌલા દેવાદારોને કરજમાંથી મુક્ત કરે અને જેઓના પર ફરજ પડી હોય, તેઓના કાર, જ ઉકલાવી આપે.

(૮) સિજદો દીઓ (ને માંગો) કે મૌલા દીનના દુશ્મનોને નાબુદ કરે.

(૯) સીજદો દીઓ (ને માંગો) કે મૌલા પોતાના રહેઠાણમાં ખુશી ખુશહાલી અને આબાદાની પ્રવર્તાવે.

(૧૦) સીજદો દીઓ (ને માંગો) કે મૌલા રાજાઓને રાજ બખશેં અને પ્રજાઓને સુખ આપે.

(૧૧) સિજદો દીઓ (ને માંગો કે) મૌલા બધી જમાતની મનમાં ધારેલી (નેક) ઉમેદો પુરી કરે.

(૧૨) સિજદો દિઓ [ને માંગો) કે મૌલા કેદીઓનો છુટકારો કરે.

(૧૩) સિજદો દીઓ (ને માંગો) કે મૌલા જલદી પોતે ખુલ્લી રીતે જાહેર થાય (જાહેરાતમાં આવે.)

(૧૪) સિજદો દીઓ (ને માંગો) કે મૌલા (આપણી) મુશકેલીઓ દુર કરે આબાદી ફેલાવે, અને રોજે કીઆમતના દુઃખ-માંથી બચાવે.

(૧૫) સિજદો દીઓ, ખુદા (તમારા પર રહેમત કરે, (તમે માંગો) કે અલી મહમદ બધી જમાતની આજીજી કબુલ કરે.

તમારી આવકમાંથી, તમે ખાઓ તેમાંથી, બરાબર હીસાબ ગણીને આપો તેમજ તમારા ઘરનું સરકારી લેણું, તથા સરકારી બાકી, (જે તમોએ ધારેલી હોય) તે યાદ કરીને, હાજર ઈમામને આપજો. મઉલાઅલી તમારા મનની મુરાદ પુરી કરે. આપણો ધણી આગા સુલતાન મહુમદશાહે પોતાના દીદાર તમને નશિબ કરે.

પછી તસબી લઇને "શાહ ગરીબ મીરઝાં" એમ પડો. ઓ અમારા ધણી મુરતજાઅલી, અમારા પર મહેરબાની બક્ષ. અલી ખુદા છે.

(પછો સિજ્દો દીઓ.)

૧૬

(પછી) આગા અલીશાહે ફરમાવ્યું તે મુજબ તસબી કાઢો. "ઓ અલી" ૧૪ વાર અને સલવાત ૧૪ વાર.

સલવાત.

અલ્લાહુમા, સલ્લે અલા મહુમદીંવ વ આલે મહુમદ.

પછી સિજદો આપો.

પાઠ ૧૭ મો.

દુઆ નીયત ખૈર—એટલે ભલી ધારણાની બંદગી.

ભલી ધારણાની બંદગી—અમારો અંતકાળ સારો હોજો. ઓ અલી, તું ભલું કરજે. ઓ શાહ, તારા હકની રૂએ, ભલાઇ બાએની અમારી આજીજી, તારી હજુરમાં કબુલ કર, ઓ અમારા ધણી આગા સુલતાન મહુમદ શાહ.

(અહિંઆ તમારે સિજદો કરવો.)

(સિજદામાં આમ બોલવું.)

સારાઇ બતાવો; બુરાઇથી દૂર રાખો એ બંને તમારા હાથમાં છે.

પાઠ અઢારમો.

પછી કલમુ પઢો.

અલીની મદદ, અને પૈગંબરની હીમાયત તેઓને માટે છે, જે ખુદાની બંદગી કરે છે, એવો ખુદાઈ કૌલ છે. પીર સતગુર નુર દાદ ચાહે છે, પ્રખ્યાત પીર શમ્સ દાદ ચાહે છે. પીર સદરદીન દાદ ચાહે છે.

પીર હસન કબીરદીન દાદ ચાહેછે. તથા બીજા પીરો, આપણા હાજર ઈમામ, ધણી, આગા સુલતાન મહમદ શાહ દાતાર પાસે દાદ ચાહે છે.

નીચે મુજબનો કલમો પવિત્ર છે.

હું સાક્ષી આપું છું કે ખુદા સિવાય બીજો ખુદા નથી અને હું સાક્ષી આપું છું કે મહમદ ખુદાનો પેગંબર છે અને હું સાક્ષી આપું છું કે સાચા દીનદારોનો સર-દાર અલી ખુદા છે.

તે હયાત છે.

(આપણે તેને) હમેશને માટે પામ્યા છીએ.

(અહીંઆ દુઆ પૂરી થાય છે.)

સમાપ્ત.

હાજર ઇમામના
સુંદર ફોટા.

દરેક સાઇઝના તરેહવાર ફોટા કેમેરાના તેમજ ઝીંકો બ્લોકના જુદા જુદા ભાવના અમારે ત્યાં મળે છે.

વધારે વિગત અમારાં ફોટાનાં પ્રાઇસ લીસ્ટ કે જે કાર્ડ સાઇઝ તરેહવાર ૧૦ ફોટાની એક બુક બનાવવામાં આવી છે તે પરથી મળી શકશે.

મજકુર બુક રૂા૦ ૦)‌=ા ની ટીકીટો મોકલવાથી મોકલી આપવામાં આવશે.

લી૦

સુખી લાલજીભાઈ દેવરાજ.

લૉકીટો.

અમોએ હાજર ઈમામનાં તરેહવાર ફોટા-વાળા તરેહવાર સાઈઝનાં રોલ્ડ ગોલ્ડ લૉકેટોનો મોટો જથ્થો રાખેલ છે જેની કિમત રૂ૦ ०॥= થી રૂ૦ ૧) સુધી છે.

તેમજ પીનવાળા ખીલા રૂ૦ ०)= અમારે ત્યાંથી છુટક મળી શકશે.

સામટા જથ્થામાં લેનારે વધારે વિગત માટે પત્ર વ્યવહાર કરેથી વિગતવાર ખુલાસો મળશે.

લી૦

મુખી લાલજીભાઇ દેવરાજ.